dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-266 | AD-2025, Ashadh Sud-05 | Monday, Dt.30-06-2025 | Editor: Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### વાદળ ફાટવાના કારણે ઘણી જગ્યાએ પૂર આવ્યું

# ઉત્તરકાશીના બારકોટમાં વાદળ ફાટવાની ઘટના : ૧૭ કામદારો તણાઈ ગયા

ઉત્તરાકાશી,તા.૨૯

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના બારકોટ વિસ્તારમાં મોડી રાત્રે વાદળ ફાટવાના કારણે આવેલા પૂરમાં ૧૭ કામદારો તણાઈ ગયા છે. મળતી માહિતી મુજબ, આ અકસ્માત રાત્રે એક વાગ્યાની આસપાસ થયો હતો જ્યારે ૧૭ કામદારો બાંધકામ સ્થળ પર કામ કરી રહ્યા હતા. અચાનક વાદળ ફાટવાના કારણે, સ્થળ પર હાજર તમામ કામદારો પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ ગયા હતા, જેમની શોધખોળ ચાલી રહી છે. હાલમાં એસડીઆરએફ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને બચાવ કામગીરી ચાલુ છે. વિસ્તારમાં ભારે વરસાદ અને કાટમાળને કારણે પરિસ્થિતિ ગંભીર છે. બચાવ ટીમ કાટમાળમાં દટાયેલા કામદારોને શોધી રહી છે. સ્થાનિક વહીવટીતંત્ર, ફાયર બ્રિગેડ અને મેડિકલ ટીમ પણ ઘટનાસ્થળે તૈનાત છે, ઘટનાસ્થળની નજીકનો વિસ્તાર ખાલી કરાવવામાં આવ્યો છે. મોડી રાત્રે ભારે વરસાદ અને અતિવૃષ્ટિને કારણે બારકોટ તાલુકાના યમુનોત્રી વિસ્તારમાં પણ નુકસાન થયું છે. પ્રાથમિક માહિતી અનુસાર, મોડી રાત્રે યમુનોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાદળ ફાટવાની ઘટના બની છે, જેના કારણે ઘણા લોકો નજીકમાં ફસાયેલા છે. માહિતી અનુસાર, નદીઓ અને નાળાઓમાં પાણીનું સ્તર વધી ગયું છે. ઘણી જગ્યાએ ભારે નુકસાનની આશંકા છે. યમુનોત્રી હાઈવે કેટલાક સ્થળોએ અવરોધિત કરવામાં આવ્યો છે. પોલીસ, એનડીઆરએફ અને એસડીઆરએફ ટીમો ઘટનાસ્થળે હાજર છે. સિયાનાચટ્ટી નજીક નાળામાં કાટમાળ પડવાથી યમુના નદીનો પ્રવાહ બંધ થઈ ગયો છે, જેના કારણે સિયાનાચટ્ટીના નીચલા વિસ્તારમાં બનેલી હોટલો માટે ખતરો ઉભો થયો છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રના જણાવ્યા અનુસાર, તહેસીલ બારકોટના સિલાઈ બંધ પાસે ભારે વરસાદ/વાદળ ફાટવાની માહિતી મળતાની સાથે જ એસડીઆરએફ પોલીસ અને મહેસૂલ વિભાગની ટીમને તે સ્થળે મોકલવામાં આવી છે. બાંધકામ કાર્યમાં રોકાયેલા તમામ કામદારો પૂરને કારણે ગુમ થયા હોવાનું જાણવા મળ્યું છે. શોધ કામગીરી ચાલુ છે. યમુનોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ સિલાઈ બંધ નજીકના રસ્તાઓ પણ બે-ત્રણ સ્થળોએ બંધ છે, જેના સંદર્ભમાં NH બારકોટને જાણ કરવામાં આવી છે. હવામાન વિભાગે હિમાચલ પ્રદેશના ૬ જિલ્લાઓ, ઉના, બિલાસપુર, હમીરપુર, કાંગડા, સોલન અને સિરમૌરમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આ ઉપરાંત, હિમાચલના ૪ જિલ્લાઓમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તે જ સમયે, હિમાચલમાં અત્યાર સુધીમાં વરસાદની ઘટનાઓમાં લગભગ ૩૧ લોકોનાં મોત થયા છે અને ૪ લોકો હજુ પણ ગુમ છે જ્યારે ૬૬ લોકો ઘાયલ થયા છે. હિમાચલ પ્રદેશમાં ચોમાસું સક્રિય થવાને કારણે, હવામાન વિભાગે રવિવારે ઉના, બિલાસપુર, હમીરપુર, કાંગડા, સોલન અને સિરમૌરના ૬ જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ અને ચંબા, કુલ્લુ, મંડી અને શિમલામાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે. સોલન, કાંગડા, મંડી અને સિરમૌરના ૪ જિલ્લાઓના કેટલાક ભાગોમાં પૂર માટે યલો એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે. માહિતી અનુસાર, આ એલર્ટ ૪ જુલાઈ સુધી જારી કરવામાં આવ્યું છે, જેમાં સોમવારે ઓરેન્જ એલર્ટ અને અન્ય દિવસોમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં, શિમલામાં હળવો વરસાદ નોંધાયો છે, જ્યારે મંડીમાં ૪ મિમી, બિલાસપુરમાં ૦.૫ મિમી, ધૌલા કુઆનમાં ૧ મિમી અને નેરીમાં ૦.૫ મિમી વરસાદ નોંધાયો છે, જ્યારે ધર્મશાલામાં ઝરમર વરસાદ નોંધાયો છે.


















# અમરેલી જિલ્લામાં ઘરફોડ ચોરી કરતી પરપ્રાંતીય ગેંગના આઠ લૂંટારુઓ રૂ. ૩,૧૬,૩૨૦ના મુદ્દામાલ સાથે પકડાયા

અમરેલી, તા.૨૯

અમરેલી પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ટીમે જિલ્લામાં સક્રિય ઘરફોડ ચોરી કરતી એક પરપ્રાંતીય ગેંગના આઠ સભ્યોને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી રોકડ રકમ, ચાંદીના દાગીના, વાહન અને ચોરીના સાધનો સહિત કુલ રૂ. ૩,૧૬,૩૨૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ધરપકડથી પોલીસે લૂંટ, ઘરફોડ ચોરી અને મંદિર ચોરી સહિતના ૧૧ અનડિટેક્ટ ગુના ઉકેલવામાં સફળતા મેળવી છે. અમરેલી LCB ટીમે તપાસ દરમિયાન બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે આ આઠ શકમંદોને પકડી પાડ્યા હતા. પૂછપરછ દરમિયાન, આ લૂંટારુઓએ અમરેલી જિલ્લામાં અલગ અલગ સાગરીતો સાથે ૧૧ જેટલા ગુના આચર્યા હોવાનું કબૂલ્યું હતું. પકડાયેલા આરોપીઓ ૧૯ થી ૪૦ વર્ષની વયના છે અને તમામ મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લાના વતની છે. તેઓ મોરબી અને અમરેલી જિલ્લાના વિવિધ ગામોમાં



રહેતા હતા. ગેંગનો મુખ્ય સૂત્રધાર મુતીયારસીંગ ઉર્ફે મુકેશ ઈન્દીરસીંગ ડાવર છેલ્લા ત્રણ વર્ષથી અમરેલી જિલ્લામાં મજૂરી કામ અર્થે રહેતો હતો. તે પોતાના ભાઈ અને સાગરીતો સાથે રાત્રિ અને દિવસે મોટરસાયકલ પર આંટાફેરા મારી, બંધ મકાનો અને મંદિરોની રેકી કરીને તેને નિશાન બનાવતો હતો. ચોરીના સ્થળે બેથી ત્રણ માણસોને આજુબાજુ ધ્યાન રાખવા માટે રાખતો હતો. તેઓ લોખંડની કોષ વડે ગ્રીલ, દરવાજાના તાળા અને નકુચા તોડીને ચોરી કરતા હતા. જો કોઈ વ્યક્તિ જાગી જાય અથવા પકડવાની કોશિશ કરે તો તેઓ લોખંડની કોષ વડે તેમજ પથ્થરોના ઘા મારવામાં આવતા હતા. પોલીસે તેમની પાસેથી આશરે રૂ. ૮૦,૦૦૦/-ની કિંમતના ત્રણ મોટરસાયકલ, ૭ મોબાઈલ ફોન (૫ એન્ડ્રોઈડ, ૨ કીપેડ) અને ચોરી માટેના સાધનો જેમ કે લોખંડની છરી, લોખંડની કોષ અને પેચીયું સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ગેંગે બાબરા, મોટી કુંકાવાવ, ઈશ્વરિયા, શેડુભાર, ચરખા અને ઘુઘરાળા સહિતના વિસ્તારોમાં લૂંટ અને ચોરીની ઘટનાઓને અંજામ આપ્યો હોવાનું કબૂલ્યું છે.

**વિવિધ ગામમાં ઘરફોડ અને મંદિરમાં ચોરી સહિતના ૧૧ અનડિટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કરતી પોલીસ**

**હાલ મુંબઈમાં રહેતી**

# ટીંબી ગામની યુવતીની સંમતિ લીધા વગર પાક ધિરાણ લઈ રૂ. ૨.૬૭ લાખની છેતરપિંડી કરી

જાફરાબાદ, તા.૨૯

મૂળ જાફરાબાદના ટીંબી ગામની અને હાલ મુંબઈ રહેતી યુવતીનું નામ વારસદાર તરીકે ખાતામાં ચડાવી તેના નામ પર પાક ધિરાણ લઈ રૂપિયા ૨.૬૭ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. બનાવ સંદર્ભે મુંબઈમાં રહેતી રૂબીનાબેન અબ્દુલકાદર મન્સુરી (ઉ.વ.૩૮)એ મુંબઈમાં જ રહેતા અફઝલ અબ્દુલકાદર મન્સુરી (ઉ.વ.૫૭) સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ તેમની જાણ બહાર અને તેની સંમતિ લીધા વગર તેઓના નામનું અમરેલી જિલ્લા ટીંબી મધ્યસ્થ સહકારી બેંક ટીંબી શાખામાં બચત ખાતું ખોલાવ્યું હતું. જે ખાતામાં વારસદાર તરીકે આરોપીએ પોતાનું નામ તથા તેના મોબાઈલ નંબર નાખીને એકાઉન્ટ ઓપનીંગ ફોર્મમાં તેમની સહીઓ કરી હતી. તેમજ તેની સાથે રજૂ કરેલ આધારકાર્ડ, પાનકાર્ડ, નોમીનેશન ફોર્મ, બેંકનો નોમિનલ સભાસદ, વચનચિઠ્ઠી, વ્યક્તિ કિસાન ક્રેડીટ કાર્ડ કરજખત, લેટર ઓફ કન્ટીન્યુટી, વ્યક્તિ કિસાન ક્રેડીટ કાર્ડ લોન અરજીમાં અરજદાર તથા ખેડૂત ખાતેદાર તથા નોમિનલ વ્યક્તિ સભાસદ તરીકે તેમના નામની સહીઓ કરી હતી. આ સહીઓ ખરેખર તેમણે કરી નહોતી. તેમની સહીના બદલે આરોપીએ પોતાના નામની ખોટી સહીઓ કરી અને તેમની માલિકીની કબ્જા ભોગવટાની ટીંબી ગામની જમીનમાં આરોપીએ તેની સંમતિ લીધા વગર મધ્યસ્થ સહકારી બેંક ટીંબી શાખામાંથી રૂ.૨,૬૭,૦૦૦ ની પાક ધિરાણ લોન લીધી હતી. તેમાં બોજાની નોંધો પણ પડાવી ખોટા ડોકયુમેન્ટ બનાવી તે ડોકયુમેન્ટ ખોટા હોવા છતાં તેનો ખરા તરીકે ઉપયોગ કરી

**ખાતામાં વારસદાર તરીકે નામ નોંધાવ્યા બાદ વિશ્વાસઘાત કર્યો**

સરકારી કચેરી/બેન્કમાં રજૂ કરી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.બી. ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉત્સાહભેર ઉજવાયો

દામનગર, તા.૨૯



દામનગર શહેરની શ્રીમતી નર્મદાબેન માધવરાય સવાણી પ્રાથમિક શાળા નંબર ૨ ખાતે શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫-૨૬ અને કન્યા કેળવણી મહોત્સવ અમરેલી જિલ્લા સાંસદ ભરતભાઈ સુતરીયાની અધ્યક્ષતામાં યોજાયો હતો. ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, નગરપાલિકા પ્રમુખ, સદસ્યો, સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ, વેપારીઓ અને વાલીઓની વિશાળ ઉપસ્થિતિ રહી હતી. વિદ્યાર્થીઓએ સ્વયંશિસ્ત પાલન અંગે સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી.

# જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં વાંકિયામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

અમરેલી, તા. ૨૯

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ અંતર્ગત અમરેલી જિલ્લાના વાંકિયા સ્થિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયમાં જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. કલેકટરના હસ્તે બાલવાટિકા, ધોરણ ૧, ૯ અને ૧૧ માં પ્રવેશપાત્ર કુલ ૧૩૪



વિદ્યાર્થીઓનો શાળામાં પ્રવેશ કરાવી પ્રોત્સાહિત કરાયા હતા. તેમણે વિદ્યાર્થીઓને ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણમાં તેમના મહત્ત્વપૂર્ણ યોગદાન અંગે જાણકારી આપી હતી.

# જાળિયા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી

અમરેલી, તા.૨૯

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ અંતર્ગત અમરેલી જિલ્લાની જાળિયા પ્રાથમિક શાળામાં અધિક વિકાસ કમિશ્નર આર. વી. વાળાના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. તેમણે આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧માં પ્રવેશ મેળવનાર ૧૮ બાળકોને કીટ આપી શિક્ષણ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.



CET, નવોદય, બાલાચડી સૈનિક સ્કૂલ અને જ્ઞાન સાધના જેવી પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ તેમજ દાતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વિજપડી ખેતીવાડી વિસ્તારમાં વીજળીની સમસ્યાઓથી ખેડૂતો પરેશાન

સાવરકુંડલા, તા.૨૯

વિજપડી સબ-ડિવિઝન હેઠળના ખેતીવાડી વીજ જોડાણોમાં ૩૬૫ દિવસ વીજળીના ધાંધિયા ચાલુ જ રહે છે, જેનાથી ખેડૂતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અડધું ફીડર ચાલુ અને અડધું ફીડર બંધ જેવી અનિયમિત પાવર સપ્લાય મળે છે. ફરજ પરના અધિકારીઓ દ્વારા આખો શિયાળો અને ઉનાળો વીતી જાય તો પણ લાઈનના રિપેરિંગ કાર્ય પૂરા થતા નથી. હાલ વરસાદી માહોલમાં, વરાપમાં પાકને જંતુનાશક દવા છાંટવા માટે મજૂરોને પીવાના પાણીની જરૂર હોય છે, પરંતુ વીજ પ્રવાહ બે-બે દિવસ સુધી ન મળતા ખેડૂતો ખેતીના કામકાજ સમયસર કરી શકતા નથી. એક સાથે બે-ચાર ફીડર ફોલ્ટમાં હોય છે અને વીજ લાઈન કર્મચારીઓ માત્ર એક કે બે જ ફરજ પર હોય છે. દિવસ દરમિયાન લાંબી લાઈનના ફીડરોને એટેન્ડ કરવા માટે એક ફીડર ઉપર આખો દિવસ પણ લાગી જાય છે. ખેડૂતોની આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવે તેવી તેમની અપીલ છે.

# દામનગર શહેરમાં આચાર્ય પૂજ્ય હેમવલ્લભ સુરીશ્વરજી મહારાજ અને સંતોના ભવ્ય સામૈયા થયા

દામનગર,તા.૨૯

દામનગર શહેરમાં ગિરનાર શેષાવન તીર્થ ઉદ્ધારક શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબના શિષ્યરત્ન તપોમૂર્તિ આચાર્ય રત્ન પૂજ્ય હેમવલ્લભ સુરીશ્વરજી મહારાજ સાહેબ સહિત અનેકો ગુરુભગવંતો નવરચિત જિનાલયમાં પધાર્યા હતા. આ



તસવીર : વિનોદ જયપાલ

તમામ સંતરત્નોનું દામનગરમાં આગમન થતા સમસ્ત શહેરીજનો અને નાની બાળા દ્વારા ઢોલ નગારા સાથે ભવ્ય સામૈયા સત્કાર કર્યા હતા. દામનગર શહેરમાં પૂર્વ નગરપતિ હસુભાઈ અજમેરાના પુત્રી બીનાબેન પરિવાર અને પુનાવાળા પરિવારના મહત્વના યોગદાનથી નવનિર્મિત જિનાલય અને ઉપાશ્રયના નિર્માણ બાદ ઉદ્ઘાટન પ્રસંગે પધારેલ સિદ્ધ સંતોનો ઉપાશ્રયમાં મંગલ પ્રવેશ થયો હતો.

# સતાધાર ખાતે 'આપાગીગાની જય'નો નાદ બોલાવી નિશાન ચઢાવાયું


ધારી, તા.૨૯

સતાધાર ધામ ખાતે હજારો ધાર્મિક ભક્તોની ઉપસ્થિતિમાં 'આપાગીગાની જય'નો નાદ બોલીને નિશાન ચઢાવવામાં આવ્યું હતું. ૨૫૦ વર્ષ પૌરાણિક યાત્રાધામ સતાધાર આપાગીગાના નેજા હેઠળ ચાલતું રામ રોટી ને રાબડી તરીકે પ્રખ્યાત છે.



તસવીર : સંજય વાળા

દેશભરમાંથી આવતા શ્રદ્ધાળુની મનોકામના પૂર્ણ થાય છે. અષાઢી બીજે મોટી બીજ મનાવવામાં આવે છે, ત્યારે આપાગીગાના જ્ઞાતિજનો ગધય સમાજના હાથે આ નિશાન ચઢાવવામાં આવે છે ત્યારે સંત વિજયબાપુના આશીર્વાદ રૂપે સહુ શ્રદ્ધાળુઓને ભેટ આપવામાં આવે છે. દર વર્ષે લાખો લોકો સતાધાર ધામ ખાતે સંત પૂજ્ય આપાગીગા, શામજીબાપુના દર્શન કરી મનોકામના પૂર્ણ કરે છે.









# સાવરકુંડલાના સદભાવના ગ્રુપ દ્વારા ૧૦૦૦ રોપાનું વિનામૂલ્યે વિતરણ

સાવરકુંડલા,તા.૨૯



સાવરકુંડલા ખાતે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરતા સદભાવના ગ્રુપ દ્વારા પર્યાવરણ સુરક્ષા અને શહેરના સૌંદર્યકરણના શુભ હેતુથી 'ગ્રીન સન્ડે ગ્રીન સાવરકુંડલા' શીર્ષક હેઠળ એક અનોખા રોપા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રિદ્ધિ સિદ્ધિ ચોક ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં વિનામૂલ્યે ૧૦૦૦ રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. સદભાવના ગ્રુપ દ્વારા ગુલાબ, ટગર, જામફળી, લાલ કોટન, ગ્રીન કોટન, જાસુદ, ગ્રીન ટી, કરેણ વગેરે વિવિધ પ્રકારના ૧૦૦૦ જેટલા ફૂલછોડના રોપાઓનું સામાજિક વનીકરણ રેન્જ, સાવરકુંડલાના સહયોગથી વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વન વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. રોપા મેળવવા માટે શહેરીજનોએ અગાઉથી જ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને કાર્યક્રમ શરૂ થતાની સાથે જ સવારે દસ વાગ્યાથી રોપા મેળવવા માટે મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતા.

# રાજુલા પોલીસે ગેરકાયદેસર લાઈટ ડીઝલ-ઓઈલના રૂ.૫.૩૨ લાખના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો

રાજુલા, તા.૨૯



રાજુલા પોલીસે LDO (લાઈટ ડીઝલ ઓઈલ) ના ગેરકાયદેસર વેચાણ અને સંગ્રહ સામે કાર્યવાહી કરતા રૂ.૫,૩૨,૦૦૦/- ની કિંમતના મુદ્દામાલ સાથે એક ઈસમને પકડી પાડ્યો છે. તા.૨૬/૦૬/૨૦૨૫ ના રાજુલા પો.સ્ટે.ની સર્વેલન્સ ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે એક ઈસમ પોતાની બોલેરો ગાડીમાં LDO નો જથ્થો કોઈ આધાર પુરાવા વગર લઈ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે, રાજુલા પોલીસે મોટા આગરીયા ગામથી આગળ વાવડી ગામના પાટીયા પાસે સાવરકુંડલા રોડ પર વોચ ગોઠવી હતી. ત્યાંથી પસાર થતી એક બોલેરો ગાડીને રોકતા, તેમાંથી કુલ ૧૦ ટીપણા (બેરલ) માં ૨૫૦૦ લીટર LDO નો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થા બાબતે આધાર પુરાવા માંગતા કોઈ બિલ રજૂ કરવામાં આવ્યું ન હતું. પોલીસે સંજયભાઈ જગદીશભાઈ ધાંગીયા (રહે. રંગપર ગામ, જામનગર રોડ, તા. પડધરી, જી. રાજકોટ) નામના ઈસમને પકડી પાડ્યો હતો.

# લીલીયાના હરીપરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી

લીલીયા,તા.૨૯

લીલીયા તાલુકાના હરીપરની પ્રાથમિક શાળામાં શનિવારે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ભીખુભાઈ એમ. ધોરાજી-ચેરમેન ડેલીગેટ જિલ્લા શિક્ષણ સમિતી, જીજ્ઞેશભાઈ સાવજ પ્રમુખ ભાજપા-લીલીયા, અભિષેકભાઈ ઠાકર BRC-લીલીયા, પી.એમ. રાખસીયા CRC-લીલીયા, ગ્રામ્ય આગેવાનો, SMC શાળા પરિવાર સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. આ તકે આંગણવાડી અને બાલવાટીકાના બાળકોને કંકુ-ચોખાના તિલક સાથે સુખડીથી મોં મીઠું કરી શૈ.કીટ આપી પ્રવેશ આપ્યો હતો. સાથે ધો.૩ થી ૮માં અવ્વલ ગ્રેડ પ્રાપ્ત કરનારને શૈ.કીટ આપી તેમજ શાળાના વિકાસમાં ૮ કોમ્પ્યુટર સેટ સાથે સાઉન્ડ સિસ્ટમ અને લોખંડનો ચબૂતરો(પક્ષીઘર), પોડીયમ આપનાર દાતાનું સન્માન કરી, ચબુતરાનું લોકાર્પણ કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# બાબરા તાલુકાની લુણકી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી

**લાઇબ્રેરી બનાવવા માટે રૂ.૫ લાખની ગ્રાન્ટ ફાળવતા જનક તળાવીયા**

બાબરા, તા.૨૯



બાબરા તાલુકાની શ્રી લુણકી પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જનકભાઈ તળાવીયા(ધારાસભ્ય લાઠી બાબરા), ભુપેન્દ્રભાઈ બસીયા (જિલ્લા ભાજપ મહામંત્રી), સરપંચ રશ્મિકાબેન કથીરિયા, એસએમસી અધ્યક્ષ પરેશભાઈ કથીરિયા, મધુભાઈ ગેલાણી, સી.આર.સી કોર્ડીનેટર સંજયભાઈ વસાણી, વિજયભાઈ સેંજલીયા, શાળાના આચાર્ય વિજયભાઈ તળાવીયા, શાળા સ્ટાફ પરિવાર તથા ગામ આગેવાનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. શાળામાં રૂમનું લોકાર્પણ ધારાસભ્યના હસ્તે કરવામાં આવ્યું હતું તથા વૃક્ષારોપણ કરાયું હતું. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ લુણકી ગામમાં લાઈબ્રેરી બનાવવા માટે પોતાની ગ્રાન્ટમાંથી પાંચ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી હતી.

# અમરેલીની આર્યભટ્ટ શાળામાં પરિમલ પંડ્યાના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો

અમરેલી, તા.૨૯



કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત અમરેલીની આર્યભટ્ટ અંગ્રેજી માધ્યમ શાળામાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બાલવાટિકાના ૩૩ અને ધોરણ ૧ના ૫ સહિત કુલ ૩૮ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવી પ્રોત્સાહિત કરાયા. જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું કે બાળકનું પ્રથમ ઘડતર માતા અને સર્વાંગી વિકાસ શિક્ષકો કરે છે. રાજ્ય સરકારની શાળા આરોગ્ય તપાસણી યોજનાની પણ તેમણે જાણકારી આપી. કાર્યક્રમમાં CET માં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા વિદ્યાર્થીઓનું સન્માન કરાયું અને વૃક્ષારોપણ પણ થયું હતું.

# અવસાન નોંધ

**બાબરા**

સ્વ. દિનકરરાય કાનજીભાઈ જસાણીના ધર્મપત્ની દક્ષાબેન દિનકરાય જસાણી ઉ.વ. ૮૦, તે મનોજભાઈ તથા નિલેશભાઈ તથા રૂપાબેન અતુલભાઈ રૂઘાણી પોરબંદર તથા જુલીબેન નિલેશભાઈ દાશાણી પોરબંદર તથા ગોપીબેનના માતૃશ્રી તેમજ મણીલાલ મંગળજીભાઈ પુજારા રાજકોટના પુત્રીનું તા. ૨૯/૯૬/૨૦૨૫ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તથા પિયરપક્ષની સાદડી તા.૩૦/૦૬/૨૦૨૫ના રોજ લુહાર જ્ઞાતિની વાડી બાબરા ખાતે સાંજે ૪-૦૦ થી ૫-૦૦ કલાકે રાખેલ છે.

**દામનગર**

ગં.સ્વ. જયોતીબેન અનંતરાય પાઠક (ઉ.વ.૭૯) તા.૨૭/૦૬ના રોજ કૈલાસવાસી થયેલ છે. તે નાની વાવડી વાળા હાલ દામનગર નિવાસી સ્વ.અનંતરાય દુર્ગાશંકર પાઠક (પાઠક સાહેબ શેઠશ્રી એમ. સી. મહેતા હાઈસ્કૂલ)ના ધર્મપત્ની, તુષારભાઈ પાઠક, તરૂણભાઈ પાઠક (પાઠક સેલ્સ કોર્પોરેશન - તન્મય સેલ્સ)ના માતુશ્રી, તન્મય, કશીશ, કેનાના દાદી અને સ્વ.પ્રવિણચંદ્ર દુર્ગાશંકર પાઠક, ભુપતરાય દુર્ગાશંકર પાઠક (અમદાવાદ)ના નાના ભાઈના પત્ની, સ્વ. બળવંતરાય દુર્ગાશંકર પાઠક (સુરત) તેમજ પ્રવિણાબેન લાલશંકર રાવળ (દામનગર)ના ભાભી તથા રશ્મિકાંત રતિલાલ ત્રિવેદી, સ્વ.કૃષ્ણવદન રતિલાલ ત્રિવેદી (દીલ્હી)ના બહેન થાય છે. સદગતની સાદડી તા.૩૦/૦૬ના રોજ બપોરે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે બ્રહ્મસમાજની વાડી - દામનગર ખાતે રાખેલ છે અને પીયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.


હાર્દિક અભિનંદન


શ્રી સંજયભાઈ વાગડીયા


શ્રી ચંદુભાઈ વોરા


શ્રી સિધ્ધાર્થભાઈ ઠાકર

અમરેલી જિલ્લા બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર તથા બિલ્ડર્સ એસોસિએશનમાં અમારા પર સ્નેહી મિત્રો શ્રી સંજયભાઈ વાગડીયા તથા ચંદુભાઈ વોરા તથા સિધ્ધાર્થભાઈ ઠાકરની મહામંત્રી પદે નિયુક્તિ થવા બદલ ખુબ ખુબ અભિનંદન..

-:: શુભેચ્છક ::-
જગદિશભાઈ એન. ટાંક
મોહિત જગદિશભાઈ ટાંક
ક્રિષ્ના કન્સ્ટ્રકશન - અમરેલી


# સાવરકુંડલા વિધાનસભામાં શાળા પ્રવેશોત્સવમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો

સાવરકુંડલા,તા.૨૯



સાવરકુંડલા વિધાનસભામાં પણ ઉત્સાહભેર શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભાશિષ પાઠવ્યા હતા. અમરેલી જિલ્લાના સાવરકુંડલા વિધાનસભામાં સાવરકુંડલા શહેરની શાળા નંબર ૧૦, જે.વી. મોદી હાઈસ્કૂલ, એ.કે. ઘેલાણી હાઈસ્કૂલ, સાવરકુંડલા તાલુકાની ધાર પ્રાથમિક શાળા, પિયાવા પ્રાથમિક શાળા, પી.પી.એસ. હાઈસ્કૂલ વંડા, અને લીલીયા તાલુકાની ખારા પ્રાથમિક શાળા, હરિપર પ્રાથમિક શાળા, ગુંદરણ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે કસવાલાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા શરૂ કરાયેલી આ પહેલના ૨૨મા વર્ષે ધોરણ-૧માં વિદ્યાર્થીઓનો નામાંકન દર ૭૫% થી વધીને ગૌરવપૂર્ણ રીતે ૧૦૦% થઈ ગયો છે. આ શાળા પ્રવેશોત્સવમાં નગરપાલિકા, તાલુકા પંચાયતના પદાધિકારીઓ, વિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં

**-: રૂબરૂ સુનાવણી નોટીસ :-**

નં. મરણ નોંધણી/ અરજી નં. ૮૭/૨૦૨૪

અરજદારશ્રી:- રાદડીયા અતુલભાઈ શામજીભાઈ,
રે.બોરાળા તા.સાવરકુંડલા જિ.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા........ (૧) તકમશ્રી બોરાળા તા. સાવરકુંડલા

**જન્મ -મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા કાશીબેન શામજીભાઈ રાદડીયાનું મરણ તા.૨૫/૦૯/૨૦૨૦ ના રોજ મુ.બોરાળા તા. સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજી કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ
મેજિસ્ટ્રેટ સાવરકુંડલા

# કેફી પીણું પીને વાહન ચલાવતાં ૪ ઝડપાયા

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લામાં કેફી પીણું પીને વાહન ચલાવતાં ૪ ઈસમો ઝડપાયા હતા. કોટડાપીઠા, બાબરા, ચરખા, ત્રંબકપુરમાંથી એક એક ઈસમ નશાયુક્ત હાલતમાં વાહન ચલાવતાં પકડાયા હતા.

વિકટર ગામનો યુવક કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતો મળી આવ્યો હતો.


અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર
ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી




રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર
ઉપલબ્ધ સુવિધાઓ
● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેક્ટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર
સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ગજેરા કેમ્પસના DLSS ખેલાડીઓએ નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

અમરેલી,તા.૨૯

એસ.એચ. ગજેરા કેમ્પસની અમરેલી જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)ની જુનિયર ગર્લ્સ હેન્ડબોલ ટીમે ૧૮ જૂન, ૨૦૨૫ ના રોજ નવાદા, બિહાર ખાતે યોજાયેલી ૪૭મી જુનિયર ગર્લ્સ નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને રાષ્ટ્રીય કક્ષાએ સંસ્થા અને અમરેલી જિલ્લાનું નામ રોશન કર્યું છે. આ



ચેમ્પિયનશિપમાં દેશના વિવિધ રાજ્યોમાંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ગજેરા કેમ્પસની વિજેતા ખેલાડીઓ વેગડ મીના, ગોહિલ કંકુ અને હડિયા નૈના તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર અંશભાઈ પટેલ, કાજલબેન ડાંગરને સંસ્થાના ટ્રસ્ટી અને જેમ્સ એન્ડ જ્વેલર્સ-બોમ્બેના ચેરમેન અશોકભાઈ ગજેરાએ બિરદાવ્યા હતા. તેમણે આશા વ્યક્ત કરી હતી કે સંસ્થાના દરેક વિદ્યાર્થીઓ પોતાની સ્કિલ મુજબ વધુ આગળ વધે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ પણ વિજેતા ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# લાઠીના દેરડી જાનબાઈ ગામે ૧.૬૦ કરોડના ખર્ચે નવનિર્મિત શાળા ભવનનું લોકાર્પણ

લાઠી,તા.૨૯

લાઠી તાલુકાના દેરડી જાનબાઈ ગામે ભવ્ય શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંદાજે રૂપિયા ૧ કરોડ ૬૦ લાખના માતબર ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક શાળા ભવનનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું, જે અમરેલીના સંસદસભ્ય ભરતભાઈ સુતરીયા અને લાઠી-બાબરા મત



વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે થયું હતું.

શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ધોરણ-૧ માં પ્રવેશ મેળવનારા ભૂલકાઓને કુમકુમ તિલક કરીને આવકારવામાં આવ્યા હતા. મહાનુભાવોના હસ્તે નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસદસભ્ય ભરતભાઈ સુતરીયાએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. નૂતન ભવનમાં વિશાળ અને સુવિધાયુક્ત વર્ગખંડો, આધુનિક વિજ્ઞાન પ્રયોગશાળા, કોમ્પ્યુટર લેબ, પુસ્તકાલય અને અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# સા.કુંડલામાં સીસીટીવી બંધ રાખતા વેપારી સામે કાર્યવાહી

**સોના-ચાંદીના વેપારીએ બે માસથી કેમેરા બંધ રાખ્યા હતા**

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલામાં એક સોના-ચાંદીના વેપારીને બે મહિનાથી સીસીટીવી કેમેરા બંધ રાખવાનું ભારે પડ્યું હતું. પોલીસે તેની સામે જાહેરનામા ભંગની કાર્યવાહી કરી હતી. નિમેષભાઈ ચંદુભાઈ રાજપુરા (ઉ.વ.૪૪)ની સોના-ચાંદીની દુકાનમાં છેલ્લા બે મહિનાથી સીસીટીવી કેમેરા બંધ હાલતમાં હતા.

આ બદલ તેમની સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેસનના એએસઆઈ જે.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલમાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલામાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલમાં વર્ષ ૨૦૨૫-૨૬ ના શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો



પ્રારંભ દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના ગીતથી થયો હતો. મહેશભાઈ કસવાલાએ ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો અને શૈક્ષણિક કીટ આપી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. શાળા નંબર ૩ અને આંગણવાડીના બાળકોનો પણ પ્રવેશ કરાવાયો હતો. વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું સન્માન કરાયું હતું. ધારાસભ્ય કસવાલાએ ગુજરાતના શૈક્ષણિક વિકાસની પ્રશંસા કરી અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# વરસાદની આગાહીને પગલે સાવચેતી અને તકેદારી રાખવા અનુરોધ

અમરેલી, તા.૨૯

વરસાદની આગાહીના પગલે અમરેલી ફ્લડ સેલ દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને સાવચેતી અને તકેદારીના પગલાં લેવા સૂચના છે. ભાવનગર ફ્લડ કંટ્રોલના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્રનાં દેવભૂમિ દ્વારકા, અમરેલી, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ જિલ્લામાં છૂટાછવાયા વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આજથી તા.૦૪/૦૭/૨૦૨૫ સુધી હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. તા.૨૮/૦૬થી તા.૦૨/૦૭ સુધી હળવી મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આથી, અમરેલી જિલ્લાના તમામ નાગરિકોને સાવચેતી રાખવા તથા તકેદારીના તમામ પગલાં લેવા અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા સાવચેત રહેવા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં પ્રવેશોત્સવ

અમરેલી,તા.૨૯

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૫ ના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું આયોજન ૨૬ થી ૨૮ જૂન દરમિયાન ભવ્યતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી, બાલવાટિકા તેમજ ધોરણ-૧ ના બાળકોને મહાનુભાવોના હસ્તે શાળા પ્રવેશ આપવામાં આવ્યો હતો.



આ ભવ્ય કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, ડી.ડી.ઓ. પી.બી. પંડયા, જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત, ડી.આર.ડી.એ. ડિરેક્ટર કે.જે. જાડેજા, પ્રાંત અધિકારી મહેશભાઈ નાકિયા, નગરપાલિકા પ્રમુખ બિપિનભાઈ લિંબાણી, ચીફ ઓફિસર પ્રતિકભાઈ કુંભાણી, મામલતદાર જી.જી. બાવીશા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, નગરપાલિકા ઉપ પ્રમુખ બિનાબેન કાલેણા, કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજિયા, દંડક દિલાભાઈ વાળા, શાસક પક્ષના નેતા શીતલબેન ઠાકર, પૂર્વ કેળવણી નિરીક્ષક મહેન્દ્રભાઈ જોશી, નગરપાલિકાના સદસ્યો, નગર શિક્ષણ સમિતિના સભ્યો, સી.આર.સી., શાળાના આચાર્યો, એસ.એમ.સી. કમિટીના સભ્યો, વાલીઓ, શિક્ષકો, લાયઝનો અને સ્થાનિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો અને જનતા ઉપસ્થિત રહ્યા હતા.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષાર જોશી, વાઈસ ચેરમેન દામજી ગોલ, શાસનાધિકારી આશિષ જોશી તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સમગ્ર ટીમે કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી, તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# લાઠીના નારણગઢ ગામે વાડી ખેતરના શેઢા પર પથ્થર મુદ્દે માથાકૂટ થઈ

**ગાળો આપવાની ના પાડતાં મુંઢ ઈજા પહોંચાડી**

દામનગર, તા.૨૯

લાઠીના નારણગઢ ગામે વાડી ખેતરની શેઢા પર પથ્થર મુદ્દે માથાકૂટ થઈ હતી અને ખેડૂતને મુંઢ ઈજા કરવામાં આવી હતી. બનાવ અંગે નારણગઢ ગામના દિલીપભાઈ તળશીભાઈ ગઢીયા (ઉ.વ.૫૫)એ મેથળી ગામના રાજુભાઈ બચુભાઈ સિંધવ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, વગડીયા હનુમાન મંદિરથી કાંચરડી તરફ જતા રસ્તે માતંગી જીનની બાજુમાં માર્ગ ઉપર તેમણે તેમની વાડી ખેતરના શેઢા ઉપર પથ્થર મુક્યા હતા. પથ્થર આરોપીએ તેના ખેતરની અંદરના ભાગે નાખી દીધા હતા.

જે બાબતે તેને સમજાવતાં આરોપી તેને ગાળો આપવા લાગ્યો હતો. જેથી તેમણે ગાળો બોલાવાની ના પાડતાં સારું નહોતું લાગ્યું અને એક ઘા સાથળના ભાગે મારી મુંઢ ઈજા પહોંચાડી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.વી. મજીઠીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પાંચમ
તા. ૩૦-૦૬-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૫:૨૬,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

તા.૩૦-૦૬-૨૦૨૫ સોમવાર

મેષ: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો.

કર્ક: આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે.

સિંહ: આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. છેલ્લા દિવસોથી તમે જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે.

કન્યા: આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

વૃશ્ચિક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો.

ધન: વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે.

મકર: આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. જો તમે થોડા દિવસો માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે, ભવિષ્યની યોજનાઓની ચિંતા ના કરો.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે.

# લીલીયાના ગોઢાવદરમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી: ૧૬ બાળકોને સ્કૂલ કીટ આપી આવકારાયા

લીલીયા,તા.૨૯

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગરથી કૌશિકકુમાર રાજદે ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે સ્કૂલના આચાર્ય વર્ષાબેન જોષી, વિજયભાઈ ગજેરા, પૂર્વ આચાર્ય કરમશીભાઈ



ભુવા, વિલાસ પરી બાપુ, ભરત વિંઝુડા, ICDS સુપરવાઈઝર પ્રભાબેન, વિપુલ દાદા શાસ્ત્રી, આંગણવાડી બહેનો, આશા બહેનો, SCM અધ્યક્ષ તેમજ SCM સભ્યો, નાના ભૂલકાઓ, ગામલોકો અને વાલીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આંગણવાડીમાં પ્રવેશતા ૧૬ બાળકોને સ્કૂલ કીટ આપીને ભાવભીનો આવકાર આપવામાં આવ્યો હતો. સુરતથી આવેલા પૂર્વ આચાર્ય કરમશીભાઈ ભુવાએ બાળકોને ટિફિન બોક્સ ભેટ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધવલભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ જે.પી. ભાસ્કર દ્વારા કરવામાં આવી હતી.

# રાજુલામાંથી જૂનાગઢનો યુવક અંધારામાં લપાતો છુપાતો મળ્યો

**રાજુલા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી**

રાજુલા, તા.૨૯

રાજુલામાંથી જૂનાગઢનો યુવક અંધારામાં લપાતો છુપાતો મળી આવ્યો હતો. રાજુલા વાવેરા રોડ તત્વજ્યોતી પાસેથી જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં રહેતો કનુભાઈ કેશુભાઈ વાઘેલા (ઉ.વ.૨૬) સૂર્યાસ્તથી સૂર્યોદયના સમય દરમિયાન મોડી રાતના અંધારામાં મિલકત વિરુદ્ધ ગુનો કરવાના ઈરાદે રખડતો ભટકતો લપાતો છુપાતો શકમંદ હાલતમાં મળી આવ્યો હતો.

રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એસ. બાબરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# કુંકાવાવના જીથુડીમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

કુંકાવાવ,તા.૨૯

કુંકાવાવ તાલુકાના જીથુડી ગામે પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ તકે શિક્ષણ સમિતિના ચેરમેન વતી ભીખાભાઈ ધોરાજીયા, જી.એમ. સોલંકી નાયક જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, એન.વી. ચૌહાણ હિસાબી અધિકારી, આર.આર. રામાણી હિસાબી અધિકારી લોકલ ફંડ ઓફિસ, વાય.બી. સોરઠીયા અધિક તિજોરી અધિકારી, જીથુડી



પ્રાથમિક શાળાની એસએમસીના અધ્યક્ષ પ્રતાપભાઈ ધાધલ, ગામના સરપંચ હિંમતભાઈ રામાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ અધિકારીઓનું સન્માન શાળાના આચાર્ય નિલેશભાઈ ઠુમ્મર, શિક્ષકો અતુલભાઈ ઠક્કર, દીપાબેન સોઢા, સંદીપભાઈ સતાણી, ભરતભાઈ ગોંડલીયા, આરતીબેન ગજેરા દ્વારા કરાયું હતું. જીથુડીની બાલવાટિકામાં ૧૪ બાળકોએ પ્રવેશ કર્યો હતો.

# દામનગરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી

દામનગર,તા.૨૯

દામનગરમાં નગરપાલિકા સંચાલિત શેઠ એમ.સી. મહેતા હાઈસ્કૂલ ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે હેલ્થ સેક્રેટરી ગાંધીનગર વી.બી. પઢારિયા, સી.આર.સી. દિલીપભાઈ પરમાર, પાલિકા પ્રમુખ ગોબરભાઈ નારોલા, શિક્ષણ સમિતિના ચેરમેન ધ્રુવભાઈ ભટ્ટ, પાલિકાના પૂર્વ પ્રમુખ અને સદસ્યો, સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણી, વેપારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવારે પધારેલ મહાનુભવોનું પુસ્તક દ્વારા સ્વાગત કર્યું હતું. બાળકોએ શાળા સ્વચ્છ અને સુઘડ બનાવવા સ્વયં સંચાલન કરી સ્વચ્છતા અભિયાનનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું. બાળકોએ વક્તવ્ય, સંગીત, વૃક્ષારોપણ દ્વારા આ કાર્યક્રમને વધુ ઉમદા બનાવ્યો હતો. તમામ મહાનુભાવોએ નવા વિદ્યાર્થીઓનું અને આંગણવાડીના ભૂલકાઓનું શેક્ષણિક સામગ્રીની કીટ અને પુસ્તક આપીને સ્વાગત કર્યું હતું. રાજ્ય કક્ષાએ યોગ સ્પર્ધામાં ગોહિલ ખુશી ભરતભાઈ અને ચિત્ર સ્પર્ધામાં નાયકા પીયૂષ સુરેશભાઈનું શાળાને વિશિષ્ટ સન્માન અપાવવા બદલ સન્માન કરાયું હતું.

**તંત્રી લેખ**

# ડોનાલ્ડ ટ્રમ્પની વિવાદાસ્પદ રાજનીતિ

અમેરિકા હવે સુપર પાવર છે કે કેમ તેની શંકા અનેક દેશોને થાય છે કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પની સિસ્ટમ વિશ્વભરમાં અળખામણી બની છે. પોતે શાંતિદૂત છે તે વસ્તુ પોતાની જાતે જ પ્રમોટ કરે છે અને જગતના દેશોને ધાકધમકી આપે છે. ચાઈના સાથેની કટ્ટર દુશ્મનાવટ ભૂલીને એની સાથે ટ્રેડ ડીલ કરે છે.

ટ્રેડ ડીલના ટેબલ પર ઈન્ડિયા ફર્સ્ટ હોવું જોઈએ પરંતુ અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ કોઈપણ ભોગે અમેરિકા ફર્સ્ટની નીતિને વળગીને વિશ્વ સમુદાય સામે ટેરિફનું શસ્ત્ર ઉગામી રહ્યા છે.

ચીને તેની સામે કાઉન્ટર ટેરિફ લાદીને અમેરિકાને બેકફૂટ પર લાવી દીધું આથી અમેરિકાને નમતું જોખવું પડ્યું અને અમેરિકાએ ચીન સાથે ટ્રેડ ડીલ કરી લીધી જેને ચીને પણ આ કરારની પુષ્ટિ કરી છે. હવે આવી જ રીતે ભારત સાથે પણ મોટી ટ્રેડ ડીલ કરવા ડોનાલ્ડ ટ્રમ્પ ઝૂકી ગયા છે. આમ છતાં ×અભી બોલા અભી ફોક× જેવી નીતિને વરેલા અને દુનિયાભરમાં ખોટું બોલવા માટે બદનામ થયેલા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર વિશ્વાસ મૂકવો કેટલા અંશે વ્યાજબી ગણાય? ભારતને મહત્વના દેશ તરીકે વર્ણવનારા ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની ગરિમા બાજુએ મૂકી પ્રોટોકોલનો ભંગ કરીને ભિખારી દેશ પાકિસ્તાનના આર્મી ચીફને વ્હાઈટ હાઉસમાં આમંત્રિત કરીને મંત્રણા કરે તે બતાવે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ કેટલા વિશ્વાસપાત્ર છે? જેની સૌથી વધુ ટીકા અમેરિકામાં થઈ છે. અમેરિકાની નીતિ હાથીના દાંત જેવી છે જે દેખાડવાના જુદા છે અને ચાવવાના પણ જુદા છે.

ભારત અને અમેરિકાના સંબંધને ટ્રમ્પે વ્યૂહાત્મક ભાગીદારી કહી છે અને સંબંધ હંમેશા ગાઢ રહેશે એમ કહ્યું છે પણ પહેલગામ હત્યાકાંડ પછી આતંકના પ્રશ્ને કેમ ચૂપ રહ્યા ? અને ઑપરેશન સિંદૂર વખતે પાકિસ્તાનના હાલહવાલ જોઈને યુદ્ધવિરામની તરફેણ કેમ કરી? હકીકત એવી છે કે પાકિસ્તાનમાં નૂરખાન વિમાનમથક અમેરિકા હસ્તક છે અને ભારતનો હુમલો ત્યાં સુધી પહોંચ્યો તેથી ટ્રમ્પ ચોંકી ઊઠયા. પાકિસ્તાનને સલાહ આપી - ભારતને કહો યુદ્ધ બંધ કરે અને ભારતે સ્વીકાર કર્યા પછી ટ્રમ્પ સાહેબ કહે છે - મારા કહેવાથી યુદ્ધવિરામ થયો અને આપણા શ્રીમાન રાહુલ ગાંધી કહે છે મોદી અમેરિકા સામે ઘૂંટણિયે પડ્યા! આ દરમિયાન ટ્રમ્પના પાકિસ્તાન પ્રેમની માહિતી બહાર આવી છે.

અમેરિકા ચાઈના ટ્રેડ ડીલ અંતર્ગત અમેરિકા અને ચીન વચ્ચે ૨૦૨૫માં મહત્વપૂર્ણ ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર થયા છે, જે વૈશ્વિક અર્થતંત્ર માટે રાહતના સમાચાર છે. આ ડીલ અંતર્ગત, ચીન અમેરિકાને રેર અર્થ મિનરલ્સ સપ્લાય કરશે, જ્યારે અમેરિકા ચીની વિદ્યાર્થીઓને પોતાની કોલેજોમાં એડમિશન આપશે.

ટ્રેડ ડીલ પહેલા બંને દેશોએ એકબીજા પર ભારે ટેરિફ લગાવ્યા હતા. અમેરિકાએ ચીની વસ્તુઓ પર ભારે ટેરિફ દર લગાવ્યો હતો તો સામે ચીને પણ અમેરિકી પ્રોડક્ટ્સ પર ભારે ટેરિફ લગાવી વળતો હુમલો કર્યો હતો. ચીને અમેરિકા સામે કાઉન્ટર ટેરિફ લાદીને અમેરિકાને બેકફૂટ પર લાવી દીધું આથી અમેરિકાને નમતું જોખવું પડ્યું અને અમેરિકાએ ચીન સાથે ટ્રેડ ડીલ કરવી પડી છે. હવે નવી સમજૂતી મુજબ, ચીને અમેરિકી પ્રોડક્ટ્સ પર ટેરિફ ૧૨૫%માંથી ૧૦% કર્યો છે અને અમેરિકાએ ચીનની પ્રોડક્ટ્સ પર ટેરિફ ૧૪૫%માંથી ૩૦% કર્યો છે, જે પ્રારંભિક રીતે ૯૦ દિવસ માટે લાગુ રહેશે. આ ડીલથી બંને દેશો વચ્ચેના વેપાર તણાવમાં ઘટાડો થયો છે, અને રેર અર્થ મિનરલ્સ જેવી મહત્વપૂર્ણ વસ્તુઓના સપ્લાય માટે માર્ગ ખુલ્યો છે.

# સંભાવના

**નમસ્કાર મિત્રો,**

આજે આપણે સંભાવના પ્રકરણના અંતિમ ચરણમાં છીએ. આજના અંકમાં સંખ્યા સંબંધી પ્રશ્નો તેમજ વિવિધ પ્રકારના પ્રશ્નો જોઈશું.

**સંખ્યા સંબંધી પ્રશ્નો........**

સંખ્યા સંબંધી સંભાવનાના પ્રશ્નોના ઉકેલ માટે તમારી પાસે નીચે દર્શાવેલ વિવિધ પ્રકારની સંખ્યાઓ વિશે જાણકારી હોવી જરૂરી છે. જો તેમના વિશે પૂરેપૂરી જાણકારી હશે તો આ પ્રકારના પ્રશ્નો સરળતાથી ઉકેલી શકશો.

- યુગ્મ અને અયુગ્મ સંખ્યાઓ
- વિભાજય અને અવિભાજય સંખ્યાઓ
- પૂર્ણવર્ગ અને પૂર્ણઘન સંખ્યાઓ

હવે તેના પરના કેટલાક ઉદાહરણ જોઈએ.

ઉદાહરણ ૧: ૧થી ૨૦ સુધીની પૂર્ણાંક સંખ્યામાંથી એક સંખ્યા યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે. પસંદ થયેલી સંખ્યા અવિભાજય સંખ્યા હોય તેની સંભાવના કેટલી?

**(A) 1/5 (B) 2/5 (C) 3/5 (D) 4/15**

ઉકેલ: ૧થી ૨૦ એટલે કે કુલ ૨૦ સંખ્યામાંથી એક સંખ્યા પસંદ કરવામાં આવે છે. પસંદ થયેલી સંખ્યા ૨૦ પૈકીની કોઈપણ હોઈ શકે.

તેથી શકય પરિણામોની કુલ સંખ્યા $n = 20$

હવે, ૧થી ૨૦ સુધીમાં આવતી અવિભાજય સંખ્યાઓ ૨, ૩, ૫, ૭, ૧૧, ૧૩, ૧૭ અને ૧૯ એમ કુલ ૮ સંખ્યાઓ છે.

ધારોકે ઘટના $A$ = પસંદ થયેલી સંખ્યા અવિભાજય સંખ્યા હોય તે ઘટના.

જો ઉપરોકત આઠ અવિભાજય સંખ્યામાંથી કોઈપણ સંખ્યા પસંદ થાય, તો ઘટના $A$ ઉદ્ભવી તેમ કહેવાય.

તેથી ઘટના $A$ ના ઉદ્ભવ માટેના શકય પરિણામો (અનુકૂળ ઘટકો) $r = 8$ છે.

તેથી $P(A) = r/n = 8/20 = 2/5$

**Ans (B) :**

ઉદાહરણ ૨ : એક અંકની પ્રાકૃતિક સંખ્યામાંથી કોઈ એક સંખ્યા પસંદ કરવામાં આવે છે. તે સંખ્યા ૧૨ નો અવયવ હોય તેની સંભાવના કેટલી ?

**(A) 6/9 (B) 4/9 (C) 5/9 (D) 5/10**

ઉકેલ : એક અંકની પ્રાકૃતિક સંખ્યા ૧, ૨, ૩, .........., ૯ એમ કુલ ૯ સંખ્યા છે. તેમાં એક સંખ્યા પસંદ કરવામાં આવે છે.

તેથી $n = 9$

ધારોકે ઘટના $B$ = પસંદ થયેલ સંખ્યા ૧૨ નો અવયવ હોય તે ઘટના.

હવે, ૧૨ના અવયવો ૧, ૨, ૩, ૪, ૬, ૧૨ છે. પરંતુ ૧૨ એ બે અંકની સંખ્યા છે. તેથી બાકીના ૫ અવયવોમાંથી કોઈપણ એક અવયવ પસંદ થાય તો ઘટના $B$ ઉદ્ભવી શકે.

આમ, ઘટના $B$ ના ઉદ્ભવ માટે અનુકૂળ ઘટકોની સંખ્યા $r = 5$ છે.

તેથી $P(B) = r/n = 5/9$

**Ans (C) :**

ઉદાહર ૩: ૧ થી ૨૦ નંબરની ટીકીટોમાંથી એક ટીકીટ યથેચ્છ રીતે ખેંચવામાં આવે છે. આ રીતે ખેંચલી ટીકીટનો નંબર ૪ અથવા ૫ નો ગુણક હોય તેની સંભાવના કેટલી ?

**(A) 1/2 (B) 2/3 (C) 9/20 (D) 2/5**

ઉકેલ : ૧ થી ૨૦ નંબર ધરાવતી કુલ ૨૦ ટીકીટો છે. એક ટીકીટ ખેંચવામાં આવે છે.

તેથી શકય પરિણામોની કુલ સંખ્યા $n = 20$

ધારોકે ઘટના $F$ = ખેંચેલી ટિકીટનો નંબર ૪ અથવા ૫ વડે વિભાજય હોય તે ઘટના. (ગુણક હોય )

હવે, ૧ થી ૨૦ સુધીમાં ૪ અથવા ૫ નો ગુણક હોય તેવી સંખ્યાઓ ૪, ૫, ૮, ૧૦, ૧૨, ૧૫, ૧૬, ૨૦ એમ કુલ ૮ સંખ્યાઓ છે.

તેથી $r = 8$

તેથી $P(F) = r/n = 8/20 = 2/5$

**Ans (D) :**

ઉદાહરણ ૪ : ૧ થી ૫૦ સુધીની સંખ્યા લખેલી એકસરખી ૫૦ કાપલીમાંથી એક કાપલી યાદચ્છીક રીતે પસંદ કરવામાં આવે છે. પસંદ થયેલી કાપેલીમાં લખાયેલી સંખ્યા પૂર્ણવર્ગ ન હોય તેની સંભાવના કેટલી ?

**(A) 43/50 (B) 7/50 (C) 3/25 (D) 22/25**

ઉકેલ : એકસરખી ૫૦ કાપલીમાંથી એક કાપલી યથેચ્છ પસંદ કરવામાં આવે છે.

તેથી શકય પરિણામોની કુલ સંખ્યા $n = 50$

હવે, ૧ થી ૫૦ સુધીમાં આવતી પૂર્ણવર્ગ સંખ્યાઓ ૧, ૪, ૯, ૧૬, ૨૫, ૩૬ અને ૪૯ એમ કુલ ૭ પૂર્ણવર્ગ સંખ્યાઓ છે.

ધારોકે ઘટના $D$ = પસંદ થયેલ કાપલીમાં પૂર્ણવર્ગ સંખ્યા લખેલી હોય તે ઘટના.

૧થી ૫૦ સુધીમાં પૂર્ણવર્ગ સંખ્યા ૭ છે. તેથી $r = 7$

તેથી $P(D) = r/n = 7/50$

હવે, ઘટના $D'$ = કાપલીમાં લખેલી સંખ્યા પૂર્ણવર્ગ ન હોય તે ઘટના

તેથી $P(D') = 1 - P(D) = 1 - 7/50 = 43/50$

અથવા

૧થી ૫૦ સુધીમાં પૂર્ણવર્ગ સંખ્યા ૭ છે.

તેથી પૂર્ણવર્ગ ન હોય તેવી સંખ્યાઓ $50 - 7 = 43$ છે.

તેથી પૂર્ણવર્ગ ન હોય તે ઘટનાની સંખ્યા = $43/50$

**Ans (A) :**

**કારકિર્દી માર્ગદર્શન**
**- અમરેલી ગણિત વર્તુળ**
**સૂર્યકાંત પાઠક**
**મો.નં.૯૪૨૭૫૦૫૧૦૭**

**વિવિધ પ્રકારના પ્રશ્નો..........**

ઉદાહરણ ૫: એક પેટીમાં ૫૦૦ સ્ક્રૂ છે તેમાં ૧૫૦ સ્ક્રૂ ખામીવાળા છે. પેટીમાંથી એક સ્ક્રૂ યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે. પસંદ થયેલ સ્ક્રૂ ખામી રહિત હોય તેની સંભાવના કેટલી ?

**(A) 3/10 (B) 1/150 (C) 1/350 (D) 7/10**

ઉકેલ : પેટીમાં 500 સ્ક્રૂ છે. તેમાં 150 સ્ક્રૂ ખામીવાળા છે. તેથી ખામી વગરના સ્ક્રૂની સંખ્યા $500 - 150 = 350$

પેટીમાંથી એક સ્ક્રૂ યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે છે.

તેથી શકય પરિણામોની કુલ સંખ્યા $n = 500$

ધારોકે ઘટના $x$ = પસંદ થયેલ સ્ક્રૂ ખામી રહિત હોય તે ઘટના

ખામી રહિત સ્ક્રૂ 350 છે.

તેથી $r = 350$

તેથી $P(X) = r/n = 350/500 = 7/10$

**Ans (D) :**

ઉદાહરણ ૬ : ૧૦૦ ગુણના પેપરમાં કોઈ વિદ્યાર્થીને ૦ (શૂન્ય) ગુણ મળે તેની સંભાવના કેટલી ?

**(A) 1/100 (B) 1/101 (C) 1 (D) 0**

ઉકેલ : ૧૦૦ ગુણના પેપરમાં વિદ્યાર્થીને ૦ થી લઈને ૧૦૦ સુધી કોઈપણ ગુણ મળી શકે છે .તેથી પરિણામોની કુલ સંખ્યા $n = 101$ થાય.

'૦' (શૂન્ય) ગુણ મળવાના પ્રકાર $r = 1$

તેની ૦ ગુણ મળે તેની સંભાવના $1/101$

**Ans (B) :**

નોંધ : આ પ્રકારના દાખલામાં ૦ ને બદલે ૦ થી ૧૦૦ સુધીની કોઈપણ સંખ્યા આપેલી હોય, તો પણ તેની સંભાવના 1/101 થાય.

ઉદાહરણ ૭: જો $P(F') = 13/27$ તો $P(F)$ =------

**(A) 14/13 (B) 13/14 (C) 14/27 (D) 27/14**

ઉકેલ : આપણે જાણીએ છીએ કે,

$P(F) + P(F') = 1$

તેથી $P(F) + 13/27 = 1$

તેથી $P(F) = 1 - 13/27 = 14/27$

**Ans (C) :**

ઉદાહરણ ૮ : ત્રણ સમતોલ સિક્કાને એકસાથે ઉછાળવામાં આવે છે. સિક્કા પર બે કે બેથી વધુ વખત છાપ મળે તે ઘટનાની સંભાવના કેટલી ?

**(A) 1/2 (B) 1/4 (C) 1/8 (D) 5/8**

ઉકેલ : ત્રણ સમતોલ સિક્કાને એક સાથે એક વખત ઉછાળવાના પ્રયોગના શકય પરિણામો $2 \times 2 \times 2 = 8$ છે. તેથી $n = 8$

આ આઠ પરિણામો આ પ્રમાણે છે.

(H,T) x (H,T) x (H,T) = HHH, HHT, HTH, HTT, THH, THT, TTH, TTT

આ પરિણામો પૈકી છાપની સંખ્યા બે કે બેથી વધુ હોય તેવા ઘટકો HHT, HTH, THH, HHH એમ કુલ ચાર છે.

તેથી $r = 4$

તેથી બે કે બેથી વધુ છાપ મળે તે ઘટનાની સંભાવના = $4/8 = 1/2$

**Ans (A) :**

ઉદાહરણ ૯: ૫૨ પત્તામાંથી એક પત્તુ ખેંચવામાં આવે છે. તે પત્તુ રાજા અથવા રાણીનું હોય તેની સંભાવના કેટલી?

**(A) 1/13 (B) 2/13 (C) 8/13 (D) 10/13**

ઉકેલ : ૫૨ પત્તામાંથી એક પત્તુ ખેંચવામાં આવે છે. તેથી $n = 52$.

ધારાકે ઘટના $A$= પત્તુ રાજાનું હોય તે ઘટના

રાજાની સંખ્યા ૪ છે.

તેથી $P(A) = 4/52 = 1/13$

તેવી જ રીતે ઘટના $B$ = પત્તુ રાણીનું હોય તે ઘટના

તેથી $P(B) = 4/52 = 1/3$

હવે, પસંદ થયેલુ પત્તુ રાજા હોય અથવા રાણી હોય તે ઘટનાની સંભાવના = $P(A) + P(B) = 1/13 + 1/13 = 2/13$

**Ans (B) :**

ઉદાહરણ ૧૦ : જાન્યુઆરી માસમાં ૫ શનિ-રવિ હોય તેની સંભાવના કેટલી ?

**(A) 1/7 (B) 3/7 (C) 2/7 (D) 1**

ઉકેલ : જાન્યુઆરીના કુલ દિવસ ૩૧.

૪ અઠવાડિયા + ૩ દિવસ વધારાના.

આ ૩ દિવસોમાં શનિ-રવિ સાથે આવે તેવા શકય પરિણામ ૨ છે.

તેથી સંભાવના = વધારાના દિવસ/અઠવાડિયાના કુલ દિવસ = 2/7

**Ans (C) :**

# સ્વભાવ, સંજોગ અને સુખ-દુઃખનાં સમીકરણ !

સ્વભાવને સંજોગ સાથે સેટ કરવાથી સુખી થઈ શકાય છે. દરેક મનુષ્યને જીવનમાં સુખ-દુઃખની અનુભૂતિ ડગલે ને પગલે થતી હોય છે. આની પાછળનું કારણ તપાસતા એવું સૂક્ષ્મ તારણ નીકળે છે કે માણસની સ્થિતિ કે પરિસ્થિતિમાં જ્યારે ફેરફાર થાય છે ત્યારે સુખ કે દુઃખની અનુભૂતિ થાય છે. સ્થિતિ કે પરિસ્થિતિ જ્યાં સુધી પરંપરાગત રીત રસમ મુજબ ચાલતી રહે અથવા તો નોર્મલ રેન્જમાં મનુષ્ય જીવન સ્થિર હોય છે અને રૂટિન કામકાજમાં કોઈ મોટા ફેરફાર ના થાય ત્યાં સુધી સુખ-દુઃખની સ્થિતિમાં પણ બદલાવ આવતો નથી. જેમ કોઈ ગાડી સીધા સપાટ સારા રસ્તા પર કોઈ જાતની અડચણ વિના પુરપાટ ઝડપે ચાલ્યે રાખે છે. જ્યાં સુધી કોઈ બમ્પ આવે નહિ ત્યાં સુધી ગાડીની ગતિની સ્થિતિ બદલાતી નથી. એનાથી ઉલટી પરિસ્થિતિ જોઈએ તો એકદમ ખાડા-ખડિયાવાળા રસ્તા પર એકધારી ધીમી ગતિએ ચાલતી ગાડીને સારા રસ્તાનો સંજોગ નથી મળતો ત્યાં સુધી એની ધીમી ગતિમાં ધરખમ વધારો થઈ શકતો નથી. બન્ને કિસ્સામાં સ્થિતિ કે પરિસ્થિતિ ચોક્કસ સમયગાળા પૂરતી આમ ગણો તો એકસરખી જ રહે છે. ગાડી ચલાવનાર માટે ફરક માત્ર સંજોગોનો હોય છે. સ્થિતિ કે પરિસ્થિતિ બદલવી એના હાથની વાત નથી હોતી પણ સમય અને સંજોગોને અનુકૂળ થઈને ચાલવું એ ચોક્કસ એના હાથની વાત હોય છે. આવું જ આપણા જીવનમાં ઊભા થતા સમય અને સંજોગની બાબતમાં બનતું હોય છે. એક જ માણસ માટે એનો અભિગમ દરેક સમય અને સંજોગ મુજબ જુદો જુદો હોય છે. એનું જે કારણ હોય તે જ બાબત એનો સ્વભાવ ગણાય છે. કૈલાસ પંડિતની પંક્તિ આવું જ કઈક બયાન કરે છે. " કોણ ભલાને પૂછે છે અહીં કોણ બૂરાને પૂછે છે? મતલબથી બધાને નિસ્બત છે અહીં કોણ ખરાને પૂછે છે? અર્ક નીચોવી લીધા પછી કોણ ફૂલોની દશા પૂછે છે? સંજોગ ઝુકાવે છે બધાને બાકી કોણ ખુદાને પૂછે છે?" આવું દરેકના જીવનમાં બનતું હોય છે. ખરું ગણો તો માણસની સમજણ એમાં જ ગણાય છે કે પરિસ્થિતિ કે સંજોગ બદલવા એના વશની વાત ના હોય ત્યારે એને અનુકૂળ થઈ શકે તો જીવનમાં ક્યારેય દુઃખી થતાં નથી. સ્થિતિ, પરિસ્થિતિ અનુકૂળ હોય કે પ્રતિકૂળ પણ ઊભા થતા સંજોગો સામે અમુક લેવલ સુધી બાથ ભિડ્યા પછી પણ બાજી એના હાથમાં ના રહે તો પ્રથમ નજરે સંજોગો સામે ઝૂકવું પડે એવું દેખાય છે પણ હકીકતમાં એ વ્યક્તિ સંજોગો સાથે સમજુતી કરીને પરિસ્થિતિને અનુકૂળ થવા પ્રયત્ન કરતો હોય છે. માણસની સ્વભાવગત લાક્ષણિકતા હોય છે કે જે કંઈ સ્થિતિ, પરિસ્થિતિ નિર્માણ થાય ત્યારે વ્યક્તિ પાસે બે વિકલ્પ હોય છે, એક તો તેની સામે જ ઝઝુમીને જીતીને સુખી થવું અથવા તો સંજોગો સામે ઝૂકીને હારીને અનુકૂળ થઈને સુખી થવાનો પ્રયત્ન કરવો. અંતે તો દરેક વ્યક્તિનો હેતુ કે ઉદ્દેશ પોતાની જાતને દરેક પળે સુખી કરવાનો હોય છે. એક રસ્તો સંઘર્ષ ભરેલો અને ટૂંકા ગાળાના માન-અપમાન નેવે મૂકીને પોતાની જાતને હરીફાઈની હોડમાં તરતી મૂકીને પછી એમાંથી પાર ઉતરીને લાંબા ગાળાનું કાયમી સુખ પ્રાપ્ત કરવાનો હોય છે. બીજો રસ્તો જે કંઈ થાય તે ક્ષણિક હોય એમ સ્વીકારીને શાંતિથી ચૂપચાપ સહન કરીને કપરી પળોનો સમય પસાર કરીને ફરી પાછા પરિસ્થિતિ થાળે પડે ત્યાં સુધી રાહ જોવાનું શાણપણ દાખવીને લાંબા ગાળે સુખી થવાનો હોય છે. બન્ને રસ્તામાંથી ક્યો રસ્તો પસંદ કરવો એ બાબત માણસના સ્વભાવ પર નિર્ભર કરે છે. આમ માણસ નાનો હોય કે મોટો હોય, અધિકારી હોય કે ઉદ્યોગપતિ હોય, માલિક હોય કે મજૂર હોય, ઉમેદવાર હોય કે મતદાર હોય દરેકે એના જીવનમાં ઊભા થતા સંજોગ સામે પોતે ક્યા સમયે ક્યું સ્ટેન્ડ લેવું એની સાયકોલોજી એના મગજમાં એના સ્વભાવ મુજબની ચાલતી હોય છે. પોતાના બળ, બુદ્ધિ, સત્તા કે ક્ષમતા, ગજુ અને એના બેકગ્રાઉન્ડ પ્રમાણે સમજણપૂર્વક ચાલે તો સંજોગો સામે કે સાથે યોગ્ય સમયે યોગ્ય પ્રકારની સમજૂતી કે ચેલેન્જ કરીને અંતે તો પોતાના સ્વભાવ પ્રમાણે સુખ કે દુઃખનો હકદાર બનતો હોય છે. હા, બીજા અનેક પરિબળો એના અંતિમ નિર્ણયના ઉદ્દીપક તરીકે કામ કરતા હોય છે. આ બધી પ્રક્રિયા દરમ્યાન કે પ્રક્રિયાના અંતે પણ આખરી પરિણામની નિપજને કઈ રીતે મુલવવી એ વ્યક્તિની માનસિકતા પર નિર્ભર હોય છે. **અસ્તુ...**






**મનન ચિંતન**
**ભરત બાવીશી**

# ભારતમાં ગામડાઓનો ઉદય



છેલ્લા ચાર વર્ષથી સંજોગ દૈનિકના માધ્યમથી ગ્રામ્યજીવનને લગતી રસપ્રદ માહિતી "ઝાકળ બિંદુ" કોલમના માધ્યમથી આપવાનો પ્રયત્ન કર્યો છે. "ભમવા છે ડુંગરાને જોવા છે કોતરો" એમ અનેક પ્રગતિશીલ ખેડૂતો, યુવા સાહસિકો અને ખેતી વિષયક માહિતી આપતા મને સંતોષ થાય છે. આ બધાના ઉદ્ભવમાં કે કેન્દ્રમાં ગામડુ છે. આજે ગામડાઓની જાહોજલાલી હોવી જોઈએ પરંતુ ગામડાઓને ભાંગવાની ભૂલ કે પાપ કોઈએ તો કર્યું છે એ વાસ્તવિકતા છે. ત્યારે આ વિષય ઉપર થોડો ઉજાસ પાથરવાનો પ્રયત્ન મારી મૌલિકતા અને અભ્યાસના આધાર ઉપર કરીશ કારણ કે ભાંગતા ગામડાઓ અને ભાંગતી ખેતીની મૂળ સમસ્યાઓ થોડા ઘણા અંશે જાણતો હોવાથી મન ઉપર સતત ભાર અને વસવસો રહ્યા કરે છે કે કયાં સુધી આવું ચાલશે. ચોર ખિસ્સા ભરે છતાં તાળીઓ પાડીને ખુશામતખોરી કરવાની કયાં સુધી? પ્રજા બધુ જોઈ રહી છે પરંતુ મૌન અને મૂંગી જનતા તંદુરસ્ત લોકશાહી માટે બોજરૂપ બની રહી છે. કારણ કે જે પ્રજા પોતાના હક્ક અને અધિકારો, ફરજો અદા કરવામાં નિષ્ફળ જાય તેને લાઈનોમાં ઉભા રહેવાનો જ અધિકાર છે. ખેર પરિસ્થિતી એકલાથી બદલાવાની નથી પરંતુ પ્રાચીન કાળમાં ગામડાઓનો ઉદ્ભવ સિંધુ ખીણ સંસ્કૃતિથી થયો છે એવું ઈતિહાસ અને ઈતિહાસવિદો કહે છે. ભારત દેશમાં પ્રાચીન નગરો હડપ્પા, મોહેંજો દડો, લોથલ વિગેરે ખેતી આધારિત વસાહતો હતી. ભૂતકાળમાં ભણવામાં આ અભ્યાસક્રમો આવતા હતા. સિંધુ ખીણ સંસ્કૃતિને હડપ્પા સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય ઉપખંડની સૌથી જૂની અને વિશ્વની પ્રથમ નગર સભ્યતા પૈકીની એક છે. ભારત અને પાકિસ્તાનના સિંધુ નદીના કિનારાઓ અને તેની સહાયક નદીઓના કિનારા ઉપર માનવ વસાહતોની સ્થાપના કે રચના માનવામાં આવે છે. પ્રાચીન સ્થાનો અને તેની વિશેષતા ઈતિહાસના પાનાઓ ઉપર છે. હડપ્પા, મોહેંજો દડો, લોથલ, કાળી બંગન, રખીગઢી, ધોળાવિરા વિકાસની સંસ્કૃતિના મહત્વના પાસાઓ છે. આજે પણ પુરાતત્વ વિભાગ આ નગરોનો અભ્યાસ કરે છે. સદિઓ પહેલા માનવીઓને વિકાસની કેટલી ખેવના હશે? ઓછી વસ્તી, અપુરતા સાધનો હશે? આપણા ગુજરાતમાં લોથલ એ અમદાવાદ અને ભાવનગર જિલ્લાની વચ્ચે આવે છે. અહિ પુરાતત્વ વિભાગે ખોદકામ કરીને વિશેષતાઓ જાણવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં વૈજ્ઞાનિક રીતે નગર યોજનાનું આયોજન, આંતરરાષ્ટ્રીય વ્યાપારનું કેન્દ્ર, ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ જેમાં કારીગરી અને પાણી વ્યવસ્થાપન સામેલ છે. કહેવાય છે કે લોથલ એ ભારતીયોનું પ્રથમ જહાજબંદર હતું. જયાં ટેકનોલોજી, વેપાર અને નગર યોજનાનો ઈતિહાસ ધરબાયેલો છે. ઈતિહાસ પાસેથી સારી પધ્ધતિઓ શિખીને વિકાસના પાયા ઉપર આગળ વધવામાં કયાંક નિષ્ફળતાઓ જોવા મળે છે !!! બેથી પાંચ ઈંચ વરસાદી પાણીના નિકાલ માટે દિવસો સુધીની રાહ એ કયા પ્રકારનું વર્તમાન કૌશલ્ય છે એ સમજાતું નથી.

**ક્રમશ :**



**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**

**:: તિખારો ::**

**સમયે - સમયે જીવનમાં થોડું પરિવર્તન લાવજો અને જીવનમાં નજર કરજો. આપણી સાથે જ રહેતા લોકો આપણને શિખવાડી જાય છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801



# અઠવાડિક ખેતી કાર્યો

ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ ફોન ૯૨૭૫૭૦૮૩૪૨

● હાલ અમુક વિસ્તારમાં વાવણીલાયક વરસાદ થયો નથી તે ખેડૂત ભાઈઓને જણાવવાનું કે તમારી ક્રોપીંગ પેટર્નમાં ફેરફાર કરજો. હવે બને ત્યાં સુધી ટૂંકા ગાળાના પાકનું વાવેતર કરવાનો આગ્રહ રાખવો.

● જ્યાં પણ સુકારો આવ્યો હોય તેમણે નિયંત્રણના પગલા લેવા. ખાલા તાત્કાલિક પૂરી દેવા.

**મગફળીઃ** જયારે ખેતમજૂરોની અછતની પરિસ્થિતીમાં પાક વાવ્યા બાદ તુરંત (સ્ફુરણ પહેલા) નિંદામણનાશક દવા પેન્ડીમીથાલીન ૧ કિ.ગ્રા. પ્રતિ હેકટરે અને મગફળી ૨૦ દિવસની થાય ત્યારે કવીઝાલોફોપ ઈથાઈલ ૦.૦૫ કિ.ગ્રા. પ્રતિ હેકટરે અથવા ઈમીઝેથાપાયર નિંદામણનાશક દવા ૦.૦૭૫ કિ.ગ્રા. પ્રતિ હેકટર પ્રમાણે છંટકાવ કરવો.

**કપાસ :**

● ઋતુ દરમ્યાન રોગ અને જીવાતના નિયંત્રણ માટે સંકલિત રોગ-જીવાતના નિયંત્રણ પગલાં લેવા.

● વધારાના કપાસના છોડને ધીમેથી ખેંચી કાઢવા તથા જે જગ્યાએ ખાલા પડેલ હોય તે ખાલા પૂરવા.

● વાવેતર બાદ એક માસના અંતરે નાઈટ્રોજનયુક્ત ખાતર આપવું.

**ડાંગરઃ**

● ગાભમારાની ઈયળનાં નિયંત્રણ માટે આ જીવાતનો ઉપદ્રવ ધરુંવાડિયાથી જ શરુ થઈ જતો હોય એમામેકટીન બેન્ઝોએટ ૪ ટકા અથવા કાર્ટેપ હાઈડ્રોકલોરાઈડ ૪ % દાણાદાર કીટનાશક ૧ કિ.ગ્રા. / ૧૦૦ ચો.મી. (૧ ગુઠા) વિસ્તારમાં પ્રથમ હપ્તો ધરૂ નાખ્યા બાદ ૧૫ દિવસે આપવો.

**તલ :** તલનું બીજ ઝીણું હોવાથી વાવણી વખતે તેમાં રેતી ભેળવીને વાવેતર કરવું. એક હેકટરના વાવેતર માટે ૨.૫ થી ૩ કિ.ગ્રા બીજ પૂરતુ છે. એક કિલો બીજ દીઠ ૩ ગ્રામ થાયરમ કે કેપ્ટાનનો પટ આપીને વાવેતર કરવું.







**ચોમાસું તલ વાવેતરના ફાયદા :**

● ટૂંકાગાળાનો પાક હોવાથી આંતરપાક માટે ખુબ જ સુસંગત છે.

● અનિયમિત વરસાદની પરિસ્થિતિમાં પણ અન્ય પાકોની સરખામણીમાં સફળતાપૂર્વક લઈ શકાય છે.

● બીજા પાકોની સરખામણીમાં ખેતી ખર્ચ ઓછો છે.

● જમીનનું પ્રત સુધરે અને ભેજ સંગ્રહ શકિત વધે છે.

**મગ, મઠ, અડદ, ગુવાર અને ચોળી :**

● મગ, મઠ, અડદ, ગુવાર અને ચોળીમાં સફેદ માખીનાં નિયંત્રણ માટે આ જીવાતનો ઉપદ્રવ જણાય તો લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા બીવેરીયા બેસીયાના કે વર્ટીસીલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૬૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

**બાજરીઃ**

● બાજરી, જુવાર અને ઘાસચારાના પાકો : સાંઠાની માખીનાં નિયંત્રણ માટે ઈમિડાકલોપ્રીડ ૭૦ ડબલ્યુએસ ૫ ગ્રામ / કિ.ગ્રા. બીજ પ્રમાણે માવજત આપી વાવેતર કરવું અથવા વાવણી વખતે ઈમિડાકલોપ્રીડ અથવા ફીપ્રોનીલ ચાસમાં આપવું.

મકાઈ, દિવેલા, મગ, ચોળા, મગફળી, સોયાબીન, શણ, કાતરા

● કાતરાનો ઉપદ્રવ નિયમિત જોવા મળતો હોય ત્યાં ખેતરની ફરતે ખાઈ બનાવી તેમાં ભૂકારૂપ કીટનાશક ભભરાવવી જેથી કાતરા શેઢા – પાળા પરથી ખેતરમાં ઉતરે ત્યારે દવાના સંપર્કમાં આવે તો નાશ થઈ શકે.

● લીંબોળીની મીંજનો ભૂકો અથવા લીમડાના પાન ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) ૧૦ લિટર પાણીમાં ભેળવી પાક પર છાંટવાથી કાતરા પાકને નુકસાન કરતા નથી.

● વધુ ઉપદ્રવ જણાય તો થાયોડીકાર્બ ૭૫ ડબલ્યુ ૨૦ ગ્રામ અથવા ઈન્ડોક્ઝાકાર્બ ૧૫.૮ ઈસી ૧૦ મિ.લિ. અથવા એમામેકટીન બેન્ઝોએટ ૫ એસ.જી. ૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● પ્રથમ સારો વરસાદ થયા બાદ દરરોજ રાત્રે ૮ થી ૧૨ વાગ્યા સુધી હેકટર દીઠ એક પ્રકાશ પિંજરનો ઉપયોગ કરી ફુદીઓને આકર્ષી નાશ કરવો.

**ટમેટા :**

● ટમેટામાં ભલામણ કરેલ ૭૫+૩૭.૫+૬૨.૫ ના.ફો.પો. તત્વો સિવાય સુક્ષ્મ તત્વો પણ આપવા અથવા મલ્ટીમાઈક્રોન્યુટ્રીયન્ટ ૧ ટકા દ્રાવણનો છંટકાવ ૪૫, ૬૦ અને ૭૫ દિવસે કરવાથી વધુ ઉત્પાદન મળે.

**ભીંડા :**

● શરૂઆતની અવસ્થામાં ભીંડામાં આવતી લીલી પોપટી (જેસીડ) અને મોલોમશી (એફીડ) ના અસરકારક નિયંત્રણ માટે ભીંડાના બીજને થાયોમેથોકઝામની ૨.૮ ગ્રામ અથવા ઈમીડાકલોપ્રિડ ૫ ગ્રામ દવા પ્રતિ કિલો બીજદીઠ બીજ માવજત આપવાની ભલામણ છે.

● ભીંડામાં આવતી કથીરીના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે વેટેબલ સલ્ફર ૧૫ ગ્રામ અને ડાયકોફોલ ૧૫ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો જોઈએ અથવા બે છંટકાવ ફેનાઝેકવીન ૧૦ મિ.લિ. અથવા ડાયફેન્થીયુરોન ૨ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી પ્રથમ છંટકાવ કથીરી દેખાય કે તુરંત જ અને બીજો છંટકાવ ૧૦ દિવસ પછી કરવો જોઈએ.

**રીગણી :**

● રીગણીનાં ફળ અને ડુંખ કોરી ખાનાર ઈયળનાં નિયંત્રણ માટે એમામેકટીનબેન્મોએટ ૫ ગ્રામ / ૧૦ લિ. છંટકાવ કરવો.

**મરચી :**

● ચોમાસું મરચીના પાકના ધરૂ માટેનું વાવેતર સામાન્ય રીતે જૂન મહિનાના અંતમાં કરવામાં આવે છે.

● ત્યારબાદ ૪૦ થી ૪૫ દિવસે ૧૫મી ઓગષ્ટની આજુબાજુ જયારે ઝરમર વરસાદ ચાલુ હોય ત્યારે ફેરરોપણી કરવી. **ડુંગળી :** ● ચોમાસું ડુંગળીનું વાવેતર સામાન્ય રીતે જૂન મહિનામાં કરવામાં આવે છે. **વેલાવાળા શાકભાજી :** વેલાવાળા શાકભાજીને મંડપ પધ્ધતિથી વેલા ઉપર ચઢાવી વાવેતર કરવું જોઈએ જેથી વધુ ઉત્પાદન તેમજ સારી ગુણવત્તાવાળા ફળો મળે છે, ફળો સડી જતા અટકે છે, રોગ જીવાતનો ઉપદ્રવ ઘટે છે તેમજ પિયત, દવા, છંટકાવ, આંતરખેડ, નિંદામણ અને વીણી જેવી કામગીરીમાં ઘણી જ અનુકૂળતા રહે છે.

**ધરૂ ઉછેર :** ● ધરૂવાડીયા માટે જમીન સારી ફળદ્રુપતાવાળી, સારા નીતારવાળી, પાણી ભરાઈ ન રહે તેવી પાણીના નીકાલવાળી તેમજ વાડ કે ઝાડનો છાયો આવતો ન હોય તેવી હોવી જોઈએ.

**રાબીંગ :**

● જમીન ઉપર ઘઉંનું કે બાજરીનું ભુંસુ અથવા નકામું ઘાસ પાથરી છ ઈંચ જેટલો થર બનાવવો, આ ઘાસના થરને પવનની વિરુદ્ધ દિશામાં સળગાવવું જેથી જમીન ધીમા તાપે લાંબો સમય સુધી તપે આને રાબીંગ કહેવામાં આવે છે.

**બાગાયતઃ**

**રોપણીની પૂર્વ તૈયારી :**

● યોગ્ય અંતરે યોગ્ય માપના ખાડાઓ તૈયાર કરવા.

● ખાડાઓને ૧૫-૩૦ દિવસ સૂર્યના તાપમાં તપવા દેવા.

● ત્યારબાદ બે ભાગ માટી અને એક ભાગ કોહવાયેલા છાણીયા ખાતરના મિશ્રણથી ખાડાઓ પૂરેપૂરા ભરવા.

● ઉધઈના નિયંત્રણ માટે કલોરપાયરીફોસ ૨૫ મિ.લિ. પ્રતિ ૧૫ લિ. પાણીમાં નાખી ખાડા દીઠ જંતુનાશક દવા ૧૦૦ ગ્રામ પાવડર પણ મિશ્રણમાં ભેળવવો.

● રોપણી માટે જે તે ફળ પાકની પ્રમાણિત કલમો/રોપાઓ પસંદ કરવા.

**પશુપાલનઃ**

● જાનવરોને હવા ઉજાસવાળા ઠંડા શેડમાં રાખવા. જેથી ગરમીના સમયે આરામ મળે. રોગ માટેની વધારાની રસી મુકાવવી.

● ગાભણ જાનવરોની વિશેષ કાળજી લેવી. જેમાં પોષકતત્વો મળી રહે તેવો ખોરાક જરૂરિયાતમાં આપવો. ગાભણ જાનવરોને વધુ દોડાવવા નહિ, સાંકડી જગ્યામાંથી બહાર કાઢવા નહિ વગેરે બાબતોની કાળજી લેવી.

● મે માસમાં બાકી રહેલ જાનવરોમાં ગળસુંઢા તથા ગાંઠીયા તાવનું રસીકરણ કરાવી લેવું.

● ખરવા – મોવાસાની દર છ માસે આપવાની થતી રસી અપાવવી.

# શુષ્ક અને અર્ધશુષ્ક વિસ્તારમાં ખેડૂતો માટે આર્થિક રીતે વધુ ઉત્પાદન આપતા બોરની વૈજ્ઞાનિક ખેતી અને અગત્યતા

ડો.જે.એસ. પરસાણા, ડો.શિવાની આર. પટેલ, ડો.ડી.આર. કણઝારીયા અને ડો.બી.વી. હુંમર, બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

ભારતમાં બોરની ખેતી રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ગુજરાત, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં કરવામાં આવે છે. ગુજરાતમાં સુકા અને અર્ધસુકા વિસ્તારોમાં બોરની ખેતી કરવામાં આવે છે. ગુજરાતના ભાવનગર, સુરેન્દ્રનગર, જામનગર, અમરેલી, સુરત, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, પાટણ વિગેરે જિલ્લાઓમાં બોરની ખેતી થાય છે. બોરડીના છોડ સોટી મૂળ ધરાવતા હોવાથી જમીનમાં કઠણ પડ હોય તો પણ તે ઉંડે સુધી જઈ ફેલાય શકે છે જેથી સુકા અને અર્ધસુકા વિસ્તારમાં પણ બોરને સારી રીતે ઉગાડી થાય છે. બોરડીના ઝાડની મે માસના પહેલા અઠવાડિયામાં છાંટણી કરવાથી ઉનાળાની ગરમીમાં પાણીની જરૂરિયાત ઓછી રહે છે. છાંટણી પછી ચોમાસાની શરૂઆતમાં નવી ફૂટ નીકળે છે અને નવા પીલા ઉપર ફૂલો આવે છે. ચોમાસા દરમ્યાન ફળો બેસે છે અને ફળોનો વિકાસ થાય છે, તેથી આ પાકને સિંચાઈની વ્યવસ્થા ઓછી હોય તો પણ સૂકા વિસ્તારમાં તેની ખેતી સફળ થાય છે. શુષ્ક અને અર્ધશુષ્ક વિસ્તારમાં ખેડૂતો માટે આર્થિક રીતે વધુ ઉત્પાદન આપતું આ એક અગત્યનું ફળઝાડ છે. આ ઝાડ ખરાબાની જમીન, હલકી બિનખેડાણ અને ક્ષારીય જમીનમાં પણ ઉછેરી શકાય છે.







● **હવામાન અને જમીન :** ગરમ ઉનાળો, ખુબ જ ઠંડો શિયાળો વધુ માફક આવે. રેતાળ, ગોરાળું અને સારા નિતારવાળી જમીન વધુ અનુકૂળ આવે. ભારે, ચીકણી અને કાળી જમીન ઓછી અનુકૂળ છે.

● **બોરની જાતો :** ભારતમાં બોરની આશરે ૧૨૫ જાતો અસ્તિત્વમાં છે. ગુજરાતમાં ફળ સંશોધન કેન્દ્રો, સરદાર કૃષિનગર ખાતે બોરની વિવિધ આશરે ૭૪ જેટલી જાતો એકત્રિત કરવામાં આવી છે. મુખ્યત્વે ગુજરાતમાં ઉમરાન, ગોલા, અજમેરી, મહેરુન અને સેબ જાતોનું વાવેતર થાય છે.

**સંવર્ધનઃ** બોરડીના સંવર્ધન માટે દેશી બોરડીના મૂલકાંડ ઉપર જે તે પસંદગીના જાતની આંખકલમ કરવામાં આવે છે.

**બોરની સફળ ખેતી માટે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓઃ**

૧. બોરમાં કલમ કરવા માટે મે-જૂન માસ અનુકૂળ છે.

૨. ઉપરોપણ કલિકા બાંધતી વખતે આંખ ખુલ્લી રહેવી જોઈએ.

૩. કલમ ચઢાવ્યા બાદ આશરે ૨૦ દિવસ પછી આંખ ફૂટી નીકળશે અને ફૂટેલી કલમી ડાળી સીધી વૃદ્ધિ કરે તેની કાળજી લેવી.

૪. મૂલકાંડ ઉપર નીકળતા પીલા દૂર કરવા.

૫. આશરે ૬૦-૭૫ સે.મી. સુધી થડ ડાળી વિનાનું રાખવું.

**અંતરઃ** બીન પિયત માટે ૬ x ૬ મીટર એટલે કે ૨૭૭ રોપ પ્રતિ હેકટર વાવવા. પિયત માટે ૮ x ૮ મીટર એટલે કે ૧૫૬ રોપ પ્રતિ હેકટર વાવવા.

**રોપણીઃ** જુલાઈ-ઓગષ્ટમાં ઝરમર વરસાદ આવતો હોય ત્યારે રોપણી કરવી.

**છાંટણી :** ખેતરમાં કલમને રોપ્યા પછી શરુઆતથી જ કેળવણી એ ખૂબ જ અગત્યનું કાર્ય છે. કલમી ડાળીને ટેકો આપવો જેથી તે સીધી વૃદ્ધિ કરી શકે. ઝાડનો આકાર સપ્રમાણ જળવાઈ રહે તે માટે પ્રથમ વર્ષથી જ કલમી રોપનું થડ જમીનથી ૬૦ થી ૭૫ સે.મી. સુધી ડાળી સિવાયનું રાખવું. ત્યાર બાદ ત્રણથી ચાર ડાળીઓ મુખ્ય ડાળી તરીકે દરેક દિશામાં વિકસવા દેવી. બીજા વર્ષે પ્રાથમિક ડાળીને ૪ થી ૫ દ્વિતીય પ્રશાખા સુધીનો ભાગ રાખી છાંટણી કરવી. ત્રીજા વર્ષે ફરીથી દ્વિતીય ડાળીને ૩ થી ૪ તૃતીય પ્રશાખા સુધીનો ભાગ રાખી છાંટણી કરવી. આમ ત્રણ વર્ષ સુધીમાં ઝાડ યોગ્ય આકાર અને બંધારણ ધારણ કરી શકે છે.

**ખાતર :**

| વર્ષ | છાણિયું ખાતર (કિગ્રા / ઝાડ) | બોરના ઝાડ દીઠ ખાતરનો જથ્થો (ગ્રામ/ઝાડ) | | |
|---|---|---|---|---|
| | | નાઈટ્રોજન | ફોસ્ફરસ | પોટાશ |
| પ્રથમ | ૧૦ | ૧૦૦ | ૮૦ | ૮૦ |
| બીજું | ૨૦ | ૨૦૦ | ૧૬૦ | ૧૬૦ |
| ત્રીજું | ૩૦ | ૩૦૦ | ૨૪૦ | ૨૪૦ |
| ચોથું | ૪૦ | ૪૦૦ | ૩૨૦ | ૩૨૦ |
| પાચમું અને ત્યારબાદ | ૫૦ | ૫૦૦ | ૪૦૦ | ૪૦૦ |

**પિયત :** બોરને પિયતની ખુબ જ ઓછી જરૂરિયાત હોય છે. ઓકટોબરથી ફેબ્રુઆરી સુધીમાં ૩ થી ૪ પિયત આપવા. બોર ઉતરી ગયા બાદ મે માસ સુધી પાણી બંધ રાખવું. વરસાદ મોડો હોય તો જૂન માસમાં એક પિયત આપવું.

**આંતરખેડ :** ખામણામાં બે થી ત્રણ વખત ગોડ કરી ખામણાને નિંદામણ મુકત રાખવું. ઉનાળામાં છાંટણી કર્યા બાદ દાંતી મારવી જેથી પોટાશનો નાશ થાય. ચોમાસામાં જરૂરિયાત મુજબ નિંદણ નિયંત્રણ માટે એકથી બે વખત દાંતી મારવી. ચોમાસું પુરું થયા બાદ ખેડ કરવી.

**ઉત્પાદન :** પુખ્ત ઝાડમાંથી પિયત બોરડીમાં ૮૦-૧૦૦ કિ.ગ્રા. અને બિનપિયત ઝાડમાં આશરે ૫૦-૧૦૦ કિ.ગ્રા.નું ઉત્પાદન મેળવી શકાય છે.

**સંકલિત રોગ વ્યવસ્થાપન :**

● ડાળીઓની છટણી કર્યા બાદ કાપેલ ભાગ પર બોર્ડો પેસ્ટ લગાડવી.

● દર વર્ષે થડ પર જમીનથી લગભગ ત્રણેક ફુટ સુધી બોર્ડો પેસ્ટ લગાડવી.

● ભુકી છારા રોગના નિયંત્રણ માટે રોગની શરૂઆત જણાય કે તુરત જ શરૂ કરી ડીનોકેપ દવાના ૦.૦૫ ટકા પ્રમાણે (૧ મિ.લિ./લિટર) અથવા દ્રાવ્ય ગંધક ૮૦ ટકાના ૦.૨ ટકા પ્રમાણે (૨૫ ગ્રામ/૧૦ લિટર) અથવા હેકઝાકોનાઝોલ દવાનું ૧૦ મિ.લિ./૧૦ લિટર પ્રમાણે દ્રાવણ બનાવી છંટકાવ શરૂ કરી લગભગ ૨૦ દિવસના અંતરે બીજા ત્રણ થી ચાર છંટકાવ કરવા.



● પાનના ટપકાના રોગની શરૂઆત જણાય તો મેન્કોઝેબ દવાનો ૦.૩ ટકા પ્રમાણે છંટકાવ કરવો અને જરૂર જણાય તો બીજા ૨-૩ છંટકાવ ૧૫ દિવસના અંતરે કરવા.

કાળી ફુગ તથા ફળના સડાના નિયંત્રણ માટે રોગની શરૂઆત જણાય કે તરત જ તાંબાયુકત દવા (કોપર ઓકિઝકલોરાઈડ) અથવા મેન્કોઝેબ દવાના ૦.૩ ટકા પ્રમાણે૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

# કપાસની ખેતી : ગુજરાતના ખેડૂતો માટે એક આશાસ્પદ પાક

ગુજરાત ભારતના અગ્રણી કપાસ ઉત્પાદક રાજ્યોમાંનું એક છે, અને કપાસની ખેતી અહીંના હજારો ખેડૂતો માટે આર્થિક કરોડરજ્જુ સમાન છે. કપાસને "સફેદ સોનું" પણ કહેવામાં આવે છે કારણ કે તે કાપડ ઉદ્યોગનો મુખ્ય કાચો માલ છે અને નિકાસ દ્વારા વિદેશી હૂંડિયામણ પણ કમાવી આપે છે.

**જમીન અને વાતાવરણ :** કપાસના પાકને કાળી, મધ્યમ કાળી અને સારા નિતારવાળી જમીન વધુ અનુકૂળ આવે છે. વાવેતર માટે ગરમ અને ભેજવાળું વાતાવરણ જરૂરી છે, જ્યારે ફ્લાવરિંગ અને જીંડવા બેસવાના સમયે સૂકું અને તડકાવાળું હવામાન ફાયદાકારક રહે છે. ગુજરાતની આબોહવા કપાસની ખેતી માટે મોટેભાગે યોગ્ય છે.



**વાવેતર પદ્ધતિ :** આધુનિક ખેતીમાં બીટી કપાસની જાતોનો ઉપયોગ વધુ પ્રચલિત બન્યો છે, જે જીવાત સામે પ્રતિકાર શક્તિ ધરાવે છે. કપાસનું વાવેતર સામાન્ય રીતે ચોમાસાની શરૂઆતમાં થાય છે. બે હાર વચ્ચે યોગ્ય અંતર રાખવું અને એક છોડથી બીજા છોડ વચ્ચે પૂરતી જગ્યા રાખવી જરૂરી છે જેથી છોડને પૂરતો સૂર્યપ્રકાશ અને હવા મળી રહે.

**રોગ અને જીવાત નિયંત્રણ :** કપાસમાં ગુલાબી ઈયળ, લીલી પોપટી, થ્રિપ્સ જેવી જીવાતો અને સુકારા જેવા રોગોનો પ્રશ્ન રહે છે. તેના નિયંત્રણ માટે સંકલિત જીવાત વ્યવસ્થાપન (IPM) પદ્ધતિ અપનાવવી જોઈએ, જેમાં જૈવિક નિયંત્રણ અને જરૂર પડ્યે જ રાસાયણિક દવાઓનો ઉપયોગ સામેલ છે.

**કાપણી અને સંગ્રહ :** કપાસના જીંડવા ફાટે એટલે તેને તબક્કાવાર વીણી લેવામાં આવે છે. સારી ગુણવત્તાવાળા કપાસને યોગ્ય રીતે સંગ્રહ કરવો પણ મહત્ત્વનો છે જેથી બજારમાં સારો ભાવ મળી શકે.

આમ, યોગ્ય આયોજન, આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ અને સમયસર દેખભાળ દ્વારા કપાસની ખેતી ગુજરાતના ખેડૂતો માટે સમૃદ્ધિનું સાધન બની શકે છે.

# પુરીમાં ભગવાન જગન્નાથની રથયાત્રામાં ભાગદોડ, ૩ લોકોના ઘટના સ્થળે મોત

પુરી,તા.૨૯

ઓડિશાના પુરીમાં ભગવાન જગન્નાથની રથયાત્રા દરમિયાન એક દુઃખદ અકસ્માત થયો હતો. રવિવારે સવારે લગભગ ૪:૩૦ વાગ્યે, જ્યારે ભક્તો ભગવાનના દર્શન કરવા માટે શ્રી ગુંડિચા મંદિરની સામે મોટી સંખ્યામાં એકઠા થયા હતા, ત્યારે ભારે ધક્કામુક્કી થઈ હતી. આ પછી નાસભાગ મચી ગઈ. જેમાં ૩ લોકોનાં મોત થયાં અને લગભગ ૫૦ લોકો ઘાયલ થયા.

ઘટના વિશે વધુ માહિતી આપતાં, એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના સવારે ૪ વાગ્યાની આસપાસ બની હતી. જ્યારે સેંકડો ભક્તો મંદિર નજીક એકઠા થયા હતા. પુરી જિલ્લા કલેક્ટર સિદ્ધાર્થ એસ. સ્વૈને જણાવ્યું હતું કે ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૬ લોકોની હાલત ગંભીર છે. જિલ્લા કલેક્ટર સિદ્ધાર્થે જણાવ્યું હતું કે મૃતકોની ઓળખ બોલાગઢના બસંતી સાહુ અને બાલીપટનાના પ્રેમકાંત મોહંતી અને પ્રાવતી દાસ તરીકે થઈ છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે અને આ મામલાની તપાસ ચાલી રહી છે. ધક્કામુક્કીને કારણે ઘણા લોકો ઘાયલ થયા હતા જ્યારે ગરમી અને ભેજવાળા હવામાનને કારણે ૨૦૦ થી વધુ લોકો બેભાન થઈ ગયા હતા. વાર્ષિક રથયાત્રાનું આયોજન કડક



સુરક્ષા વચ્ચે કરવામાં આવી રહ્યું છે જેમાં ઓડિશા પોલીસ, સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ, નેશનલ સિક્યુરિટી ગાર્ડના લગભગ ૧૦,૦૦૦ જવાનો તૈનાત છે. પોલીસે રથયાત્રાના સુચારુ સંચાલન માટે તમામ વ્યવસ્થા કરી છે. પોલીસ મહાનિર્દેશક ખુરાનિયાએ જણાવ્યું હતું કે ભીડ પર નજર રાખવા માટે ૨૭૫ થી વધુ એઆઈ (કૃત્રિમ બુદ્ધિ) થી સજ્જ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. આ ઘટના શ્રી ગુંડિચા મંદિરની સામે શારદાબલી પાસે બની હતી. તે સમયે ભગવાન જગન્નાથને રથ પર બેઠેલા જોવા માટે મોટી ભીડ એકઠી થઈ હતી. દર્શન દરમિયાન ભીડને કાબૂમાં રાખવી મુશ્કેલ બની ગઈ અને લોકોએ ધક્કામુક્કી શરૂ કરી દીધી. કેટલાક લોકો જમીન પર પડી ગયા અને નાસભાગ મચી ગઈ. ઘટનામાં ઘાયલ લોકોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ડોક્ટરોની ટીમ સતત તેમની સારવાર કરી રહી છે. કેટલાક ઘાયલોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

**લગભગ ૫૦ ઘાયલ, ૬ ગંભીર હાલતમાં**

પુરીની જગન્નાથ રથયાત્રા દેશના સૌથી મોટા ધાર્મિક યાત્રાઓમાંની એક છે. દર વર્ષે લાખો ભક્તો ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાના દર્શન કરવા માટે પુરી પહોંચે છે. રથયાત્રા દરમિયાન, ભગવાનને શ્રીમંદિરમાંથી બહાર લાવીને શ્રી ગુંડિચા મંદિરમાં લઈ જવામાં આવે છે. જ્યાં તેઓ થોડા દિવસો માટે આરામ કરે છે. આ યાત્રા દરમિયાન આ અકસ્માત થયો હતો.

## તાલાળા પોલીસ દ્વારા આંતરરાષ્ટ્રીય નાર્કોટિક્સ ડ્રગ્સ દિવસની ઉજવણી

ઉના, તા.૨૯



જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. નિલેશ જાંજરીયા સાહેબ અને ગીર-સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ, પોલીસ સ્ટેશનના **WPSI** પી.વી. ધનેશા અને સ્ટાફ દ્વારા ગુંદરણ ચોક, તાલાળા ખાતે આવેલી નગરપાલિકા હાઈસ્કૂલમાં આંતરરાષ્ટ્રીય નાર્કોટિક્સ ડ્રગ્સ દિવસ નિમિત્તે એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષક સ્ટાફ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન, વિદ્યાર્થીઓને નાર્કોટિક્સ હેલ્પલાઈન નંબર ૧૯૩૩ વિશે માહિતી આપવામાં આવી હતી.

## પુરી ભાગદોડ કેસમાં ડીએમ અને એસપીની બદલી, સરકારે તપાસનો આદેશ આપ્યો

પુરી,તા.૨૯

ઓડિશાના પુરીમાં રથયાત્રા દરમિયાન ભાગદોડ કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, પુરીના જિલ્લા કલેક્ટર અને એસપીની બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત, ફરજમાં બેદરકારી બદલ ડીસીપી વિષ્ણુ પાટી અને કમાન્ડન્ટ અજય પાધીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તે જ સમયે, ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ દરેક મૃતક શ્રદ્ધાળુના પરિવારને ૨૫ લાખ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ વિકાસ કમિશનરની દેખરેખ હેઠળ વિગતવાર વહીવટી તપાસનો આદેશ આપ્યો છે અને જિલ્લા કલેક્ટર અને એસપીની બદલી કરવાના નિર્દેશો આપ્યા છે. ચંચલ રાણાને નવા જિલ્લા કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે પિનાક મિશ્રાએ નવા એસપી તરીકે કાર્યભાર સંભાળ્યો છે.



અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ભાગદોડમાં ૩ લોકોના મોત થયા છે. આ ઉપરાંત, લગભગ ૫૦ અન્ય લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ઓડિશા સરકારે રથયાત્રાના એકંદર દેખરેખ માટે વરિષ્ઠ અમલદાર અરવિંદ અગ્રવાલને હવાલો આપ્યો હતો.

## મહારાષ્ટ્રમાં ધોરણ ૧ થી હિન્દી લાગુ નહીં થાય, પહેલા કેબિનેટમાં ચર્ચા થશે : અજિત પવાર

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૯

મહારાષ્ટ્રની સરકારી શાળાઓમાં ધોરણ ૧ થી હિન્દી લાગુ કરવાના નિર્ણય પર વિવાદ વધ્યા બાદ, નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે. ૨૮ જૂન, શનિવારના રોજ બારામતીમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે ધોરણ ૧ થી હિન્દી લાગુ કરવાની કોઈ ફરજ નથી. કેબિનેટ બેઠકમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે, જે વિધાનસભાના ચોમાસુ સત્ર પહેલા યોજાશે. અજિત પવારે કહ્યું કે 'અમારું માનવું છે કે હિન્દીનો અભ્યાસ પાંચમા ધોરણથી શરૂ થવો જોઈએ. પહેલા ધોરણથી હિન્દી લાદવાની કોઈ જરૂર નથી.' તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે દરેક રાજ્યમાં, બાળકો તેમની માતૃભાષા શીખે તેના પર ભાર મૂકવો જોઈએ. મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓને ત્રીજી ભાષા તરીકે હિન્દી શીખવવાનો આદેશ આપવામાં આવ્યો હતો, પરંતુ આ ત્યારે જ લાગુ થશે જ્યારે વર્ગમાં ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થીઓ વૈકલ્પિક ભાષા પસંદ ન કરે.

## રશિયાની રાજધાની મોસ્કોમાં વિમાન ક્રેશ, ચાર મુસાફરોના મોત

મોસ્કો,તા.૨૯

રશિયાની રાજધાની મોસ્કોના કોલોમ્ના જિલ્લામાં શનિવારે એક દુઃખદ હવાઈ અકસ્માત થયો હતો, જેમાં એક તાલીમ આપનાર વિમાન યાક-૧૮ટી ક્રેશ થતાં ૪ લોકોના મોત થયા હતા. મૃતકોમાં ક્રૂ મેમ્બર્સ અને તાલીમાર્થી પાઈલટ્સનો સમાવેશ થાય છે. વિમાન એરોબેટિક્સનો અભ્યાસ કરી રહ્યું હતું ત્યારે આ અકસ્માત થયો હતો. અહેવાલો અનુસાર, વિમાન અચાનક નિયંત્રણ બહાર ગયું અને જમીન પર તૂટી પડ્યું.



રશિયન ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રાલયના પ્રેસ બ્યુરો અનુસાર, અકસ્માતનું કારણ વિમાનના એન્જિનમાં ટેકનિકલ ખામી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે એન્જિન ફેલ થયા પછી, વિમાન નિયંત્રણ બહાર ગયું અને કોલોમ્નામાં ખુલ્લા મેદાનમાં પડી ગયું. અકસ્માત પછી, વિમાનમાં આગ લાગી ગઈ, જેમાં સવાર તમામ ૪ લોકોના સ્થળ પર જ મોત થયા. રાહતની વાત એ હતી કે જમીન પર કોઈ નુકસાન કે જાનહાનિ થઈ ન હતી. કેટલાક બિનસત્તાવાર અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે આ વિમાનને ઉડવાની સત્તાવાર પરવાનગી મળી ન હતી. જે અકસ્માતની ગંભીરતામાં વધુ વધારો કરે છે.

## જામકંડોરણાના જામદાદર ગામે ખેડૂતે મગફળીનો પાક નિષ્ફળ જતાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી

ધોરાજી, તા.૨૯

જામકંડોરણા તાલુકાના જામદાદર ગામમાં ખેતી કરતા માધાભાઈ સામતભાઈ રાઠોડ (ઉં.વ. ૫૦) એ આજે પોતાના ખેતરની ઓરડીમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા હાહાકાર મચી ગયો છે. મગફળીનો પાક નિષ્ફળ જવાની ચિંતામાં તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પરિવારજનો અને ગામના સરપંચ દ્વારા મીડિયા સમક્ષ જણાવવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, માધાભાઈ રાઠોડ ખેતી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમણે ધીરાણ લઈને સાત વીઘા જમીનમાં મગફળીનું વાવેતર કર્યું હતું. પરંતુ ચાલુ વર્ષે કુદરતી આફતો, કમોસમી વરસાદ અને વાવાઝોડાના કારણે મગફળીનો પાક સારો ન થતા અથવા નિષ્ફળ જવાની ચિંતા તેમને સતાવી રહી હતી. પાકની ઉપજ નહીં થતાં તેઓ છેલ્લા



ઘણા સમયથી ચિંતિત રહેતા હતા. રવિવારે ઘરેથી નીકળીને તેઓ પોતાના ખેતરે ગયા હતા અને ત્યાં ઓરડીમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. પરિવારના દીકરા અને ગામના સરપંચે મીડિયા સમક્ષ મૃત્યુનું કારણ સ્પષ્ટ કરતા સરકાર પાસે મૃતક ખેડૂતના પરિવારને આર્થિક સહાય ચૂકવવામાં આવે તેવી વિનંતીપૂર્વક માંગ કરી છે.

## કોડીનારના પણાંદરમાં ગાયત્રી વિદ્યામંદિરમાં વિદ્યારંભ સંસ્કાર અને ૧૧ કુંડી યજ્ઞનું આયોજન કરાયું

કોડીનાર, તા.૨૯

બાળકોમાં સારા સંસ્કાર અને અભ્યાસમાં એકાગ્રતા વધારવાના ઉદ્દેશ્યથી, કોડીનારના પણાંદર સ્થિત ગાયત્રી વિદ્યામંદિરમાં ગાયત્રી પરિવાર દ્વારા વિદ્યારંભ સંસ્કાર અને ૧૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના તમામ બાળકો, સંસ્થાના પ્રમુખ ઘેલુભાઈ ઝાલાના પરિવાર અને શાળાના સ્ટાફે યજ્ઞમાં આહુતિ આપી, બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરી હતી. યજ્ઞ બાદ સમૂહ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમથી શાળાના વાતાવરણમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થયો અને શાંતિપૂર્ણ માહોલ સર્જાયો હતો.



તસવીર : કુલદીપ પાઠક

## કોડીનારના કાજ ગામની VTI માં વિશ્વ ડ્રગ ડે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કોડીનાર, તા.૨૯

કોડીનાર તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા કાજ ગામમાં આવેલ વોકેશનલ સ્કીલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (VTI) ખાતે વિશ્વ ડ્રગ દિવસ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને ડ્રગ્સના સેવનથી થતા નુકસાન અને તેના ગેરફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે લીગલ સેક્રેટરી અશ્વિનભાઈ ચૌહાણ અને અંકિતાબેન ડોડિયાના માર્ગદર્શન હેઠળ PLV પ્રકાશ જે. મકવાણા, સંચાલક ભરતભાઈ રાઠોડ અને અન્ય સ્ટાફ તેમજ તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : ધર્મેશ પાઠક

## ભેસાણ તાલુકાની બરવાળા પે.સે. શાળામાં પ્રવેશોત્સવ નિમિત્તે શાળાને રૂ. ૧.૫ લાખથી વધુનું અનુદાન મળ્યું

ભેસાણ, તા.૨૯

ભેસાણ તાલુકાની બરવાળા પે.સે. શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગામના દાતાઓએ ઉદાર હાથે દાન આપ્યું હતું. જેમાં કુલ અંદાજે રૂ.૧.૫ લાખથી વધુનું દાન મળ્યું હતું. બરવાળા ગામના વતનના રતન સમા દાતાઓએ શાળાના તમામ બાળકોને યુનિફોર્મ, સ્કૂલબેગ અને ફુલસ્કેપ ચોપડા ભેટ આપ્યા હતા. આ ઉપરાંત, શાળાના વિકાસ માટે રોકડ દાનની સરવાણી પણ વહેતી થઈ હતી. જેમાં મુખ્ય દાતાઓ તરીકે શૈલેષભાઈ દોશી (મુંબઈ) અને પરિમલભાઈ દોશી (મુંબઈ) પ્રત્યેક દ્વારા રૂ.૨૧,૦૦૦/-, કૌશિકભાઈ દોશી (મુંબઈ) દ્વારા રૂ.૫,૦૦૦/, રૂપેશભાઈ દોશી (મુંબઈ), ભગવાનભાઈ શેલડીયા (નેત્રંગ), અરવિંદભાઈ ગોંડલીયા (મુંબઈ), સીડાભાઈ, ભુવાભાઈ અને મુકેશભાઈ રૂપાપરા પ્રત્યેક દ્વારા રૂ.૧૧,૦૦૦/- તેમજ વસોયાભાઈ (ભેસાણ) દ્વારા રૂ.૫,૦૦૦/- નું દાન આપવામાં આવ્યું હતું.

## કોડીનારનો ડોળાસા-પાંચ પીપળવા રોડ બે વર્ષથી મનરેગાની માયાજાળમાં ફસાયો: ૨૦૦થી વધુ ખેડૂતો પરેશાન

કોડીનાર, તા.૨૯

કોડીનાર તાલુકાના ડોળાસા અને પાંચ પીપળવા ગામને જોડતો ૩ કિલોમીટરનો રસ્તો છેલ્લા બે વર્ષથી મનરેગા યોજના હેઠળ ચાલુ હોવા છતાં તેનું કામ પૂર્ણ ન થતાં ૨૦૦ થી વધુ ખેડૂતો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ખેડૂતો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં આ રસ્તો સુધારવાને બદલે ગટરમાં ફેરવાઈ ગયો હોવાનો આક્ષેપ કરાયો છે. ડોળાસાથી પાંચ પીપળવા સુધીના રસ્તાને પાકો બનાવવાની કામગીરી બે વર્ષ પૂર્વે મનરેગા દ્વારા હાથ ધરાઈ હતી. આ રસ્તા પર વાડી, રહેણાંક અને ઢોરવાડા ધરાવતા ખેડૂતોને આશા હતી કે વર્ષો જૂનો રસ્તાનો પ્રશ્ન હલ થશે. ખેડૂતોની સ્થિતિ જાણે તેમની મજાક ઉડાવાઈ રહી હોય તેવી નિર્માણ થઈ છે. ઉપરોક્ત બાબતે અજીતભાઈ વરસિંગભાઈ મોરીએ વારંવાર રજૂઆતો કરી છે. કલેક્ટરના આદેશથી ખેડૂતોની રસ્તા અંગેની સમસ્યા કાયમી દૂર થાય અને આ રોડ પહોળો અને સુવિધાજનક બને તે માટે સર્વે અને માપણીનું કાર્ય પણ પૂરું થઈ ગયું છે. તેમ છતાં, મનરેગામાં સર્જાયેલા કથિત ગોટાળામાં આ રસ્તો અટવાઈ ગયો છે. અજીતભાઈ મોરીએ આ રોડમાં થયેલા ભ્રષ્ટાચારની ઉચ્ચ કક્ષાએ તપાસ યોજવા અને જવાબદારો સામે કડક પગલાં લેવાની માંગ કરી છે. આ રોડ પર ૨૦૦ થી વધુ ખેડૂતો જમીન ધરાવે છે અને તેઓ આ રસ્તાથી ત્રાહિમામ પોકારી ગયા છે.



## મહુવા માર્કેટિંગ યાર્ડ દ્વારા 'આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ'ની ઉજવણી: ૧ થી ૬ જુલાઈ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન

મહુવા, તા.૨૯

યુનો દ્વારા વર્ષ ૨૦૨૫ ને "આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ" તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે, મહુવા માર્કેટિંગ યાર્ડ દ્વારા ૧ થી ૬ જુલાઈ દરમિયાન વિવિધ વિશેષ આયોજનો કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમોમાં મુખ્યત્વે વૃક્ષારોપણ અને વૃક્ષ વિતરણ, તેમજ ખેડૂતોને તાલપત્રી અને દવા છંટકાવના સ્પ્રે પંપનું સબસિડીમાં વિતરણ કરવામાં આવશે. ખેડૂતો માટે ઈ-નામમાં રજીસ્ટ્રેશન અને સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ ક્ષેત્રે પણ સહકારીતાના મહત્વને ઉજાગર કરવા માટે મહુવાની તમામ હાઈસ્કૂલોના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે "સહકારી સમૃદ્ધિ" વિષય પર નિબંધ લેખન સ્પર્ધા યોજવામાં આવશે. સામાજિક જાગૃતિ માટે મોટા જાદરા ગામે પ્રભાતફેરી અને સ્વચ્છતા અભિયાન કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મહુવા તાલુકાના ખેડૂતો, માર્કેટિંગ યાર્ડના વેપારી ભાઈઓ, મહેતાજી ભાઈઓ અને તમામ લોકોને આ કાર્યક્રમોમાં ભાગ લઈ સહકારી પ્રવૃત્તિનો પ્રચાર-પ્રસાર કરવા માટે મહુવા યાર્ડના ચેરમેન ગભરુભાઈ કામળીયા તથા તમામ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

2025 International Year of Cooperatives

**વૃક્ષારોપણ, ખેડૂતોને સહાય, સેમિનાર અને નિબંધ સ્પર્ધા સહિતના આયોજનો, સહકારી પ્રવૃત્તિઓના પ્રચાર-પ્રસાર પર ભાર**

# અમરેલીમાં પાઈલોટ ટ્રેનિંગ સેન્ટરના વિમાનો સામે વિરોધ : રાજકમલ ચોકમાં નાગરિકોના પ્રતીક ધરણા

અમરેલી, તા.૨૯



અમરેલી શહેરમાં પાયલોટ ટ્રેનિંગ સેન્ટરના પ્લેનનો રૂટ ચેન્જ કરવાની પ્રબળ માંગ ઉઠી છે. અમરેલી શહેરમાં સમર્પિત સમિતિ દ્વારા પાયલોટ ટ્રેનિંગ સેન્ટરના પ્લેન ઉડતા બંધ કરાવવા માંગ ઉઠી છે. પ્લેનના કારણે મોટું જોખમ હોવાથી અન્યત્ર ખસેડવા માટેની માંગ કરવામાં આવી રહી છે. સમિતિ સભ્યોએ રાજકમલ ચોકમાં સવારે ૧૦ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી પ્રતીક ઉપવાસ કર્યા હતા. અમરેલી નગરપાલિકા સદસ્ય સુરેશભાઈ શેખવાએ જણાવ્યું કે શહેરમાં પાયલોટ ટ્રેનિંગ સેન્ટર ચાલે છે, તેને માનવ વસાહત વચ્ચે ટેકઓફ અને લેંડિંગ કરવામાં આવે છે. સ્કૂલ, કોલજો, દવાખાના સૌથી વધુ ચિતલ રોડ પર આવેલ છે. આ બાબતે અમે પ્રતીક ઉપવાસ પર બેઠા છીએ. આનો રૂટ ચેન્જ નહિ કરવામાં આવે, તો ઉગ્ર આંદોલન બાબતમાં એરપોર્ટને પણ ઘેરવામાં આવશે. રન-વે ખોદી નાખવામાં આવશે ત્યાં સુધીની અમારી તૈયારીઓ છે. લોકોનો ખૂબ રોષ છે. ચૂંટાયેલા વ્યક્તિઓ જેમ કે નગરપાલિકા સદસ્યો, ધારાસભ્ય, સંસદ સભ્ય વગેરેએ રસ લઈ આ બાબતમાં અમરેલી શહેર ઉપરથી ઉડતા વિમાનોનો રૂટ ચેન્જ કરવામાં આવે, માનવ વસાહતથી દૂર લઈ જવામાં આવે તેવી અમારી માંગણી છે.

# નર્મદા ડેમની જળસપાટી વધી, રાજ્યના ૧૮ જળાશય હાઈએલર્ટ પર

અમદાવાદ,તા.૨૯



ગુજરાતમાં ચોમાસાએ ધમાકેદાર શરૂઆત કરતાં ૨૦૬ જળાશયોમાં સરેરાશ જળસ્તર વધીને ૪૬.૨૧ ટકા થઈ ગયું છે. હાલ રાજ્યના ૧૩ જળાશયો ૧૦૦ ટકા ભરાઈ ગયા છે, જ્યારે કુલ ૧૮ જળાશયો હાઈએલર્ટ પર છે. વર્ષ ૨૦૨૪માં ૨૮ જૂનના ગુજરાતના જળાશયોમાં સરેરાશ જળસ્તર માત્ર ૩૮.૨૪ ટકા હતું. બીજી તરફ અમદાવાદમાં વરસાદે ૧૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. સરદાર સરોવર નર્મદા ડેમમાં પણ પણીની આવક વધી છે. ઉપરવાસમાંથી ૫૪૦૩૨ ક્યુસેક પાણીની આવક થયાની માહિતી પ્રાપ્ત થઈ છે. મધ્યપ્રદેશમાં સતત વરસાદ વરસતા નર્મદા ડેમમાં નવા નીરની આવક થઈ હતી. હાલમાં નર્મદા ડેમની સપાટી ૧૧૮.૦૮ મીટર છે. પાણીની આવક થતા સીએચપીએચ ૧ અને આરબીપીએચના ૪ પાવર હાઉસ ચાલુ થયા હતા. પાવર હાઉસ ચાલુ થતા નિગમને કરોડો રૂપિયાની આવક થઈ હતી. નર્મદાની મેન કેનાલમાં ૧૨૨૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. નર્મદા ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. મળતી માહિતી અનુસાર, ગુજરાતના જે જળાશયો ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યા છે, તેમાં અમરેલીના ધાતરવડી-સુરજવડી, ભાવનગરના રોજકી-બોગાડ, બોટાદના ગોમા-ભીમાદ, દાહોદના કાલી-૨, જામનગરના વાગોડિયા, કચ્છના કાલાઘોઘા, સુરેન્દ્રનગરના વાંસલ-લીમ ભોગાવો ૧-સુબરી, તાપીના દોસવાડાનો સમાવેશ થાય છે.

# સુરતમાં ડુપ્લિકેટ સોનાના દાગીના બનાવતું કારખાનું પકડાયું : અમરેલીના પાંચ સહિત ૧૨ આરોપી ઝડપાયા

અમદાવાદ, તા.૨૦



સુરતના સરથાણા વિસ્તારમાં ઝોન ૧ LCB પોલીસ અને સરથાણા પોલીસે સંયુક્ત રીતે એક મોટી કાર્યવાહી કરીને ડુપ્લિકેટ સોનાના દાગીના બનાવતી એક ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે ૧૨ આરોપીની ધરપકડ કરી છે અને બનાવટી સોનાના દાગીના બનાવવામાં વપરાતી સામગ્રી સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ૧૨ શખ્સમાંથી અમરેલી જિલ્લાના ૫, ભાવનગર જિલ્લાના ૪, એક ગીર સોમનાથ તથા ૨ મહારાષ્ટ્રના છે. પોલીસને મળેલી માહિતી મુજબ, ઉત્રાણ પોલીસ મથકની હદમાં આવેલા વેલંજાની રૂદ્રાક્ષ સોસાયટીમાં એક ઘરમાં ડુપ્લિકેટ સોનાના દાગીના બનાવવાનું કારખાનું ચલાવવામાં આવતું હતું. આ ગેંગ ચેઈનના માત્ર હુકમાં ફક્ત ૨૩% સોનું ઉમેરી દાગીના બનાવતી હતી અને તેના પર હોલમાર્કનો સિક્કો મારીને વેચાણ કરતી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ કારખાનું છેલ્લા બે વર્ષથી કાર્યરત હતું. આ રેકેટનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે મુખ્ય આરોપી વિવેક વાઘેલા સહિતના આરોપીઓ યોગી ચોક ખાતે આવેલા શિવ મંદિર જ્વેલર્સમાં ડુપ્લિકેટ સોનાની ચેઈન વેચવા ગયા હતા. જ્વેલર્સના માલિકને સોનું ડુપ્લિકેટ હોવાનો ખ્યાલ આવતા તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. વિવેક મૂળ વતન ઉના, હરેશભાઈ ભોળાભાઈ ખંટાણા (રબારી) મૂળ વતન-પીપરડી ગામ, તા-સાવરકુંડલા, અનિલભાઈ ઉર્ફે ડોન દિનેશભાઈ મકવાણા મૂળ વતન-હિપાવડલીગામ, તા-સાવરકુંડલા, જિ-અમરેલી, રાહુલ હરસુલભાઈ ખાંભલીયા, રસિક ઉર્ફે બુધો રાણાભાઈ ખાંભલીયા મૂળ વતન-પીપરડીગામ, તા-સાવરકુંડલા, જિ-અમરેલી, રાહુલભાઈ તુષારભાઈ મોર, ગણેશ ચંદ્રકાંત પવાર. ગ્રાહક બની ડુપ્લિકેટ ચેઈન જ્વેલર્સ શોપમાં વેચનાર વિમલભાઈ મુકેશભાઈ લંગાળીયા ચક્કરગઢ રોડ, અમરેલી, રઘુભાઈ રાણાભાઈ ખાંભલીયા સહિત ૧૦ આરોપી ઝડપાયા હતા.

# ભાવનગરના દિવ્યાંગ યુવકે તાઈવાન ખાતે ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ મેડલ જીતી દેશનું નામ રોશન કર્યું

ભાવનગર,તા.૨૯

ભાવનગર શહેરમાં ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટમાં પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા દિવ્યાંગ ખેલાડી અલ્પેશ સુતરીયાએ પેરા ટેબલ ટેનિસ ઈન્ટરનેશનલ સ્તરે તાઈવાનમાં ત્રીજી વખત દેશનું પ્રતિનિધિત્વ કરીને પેરા ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ વિજેતા થયા છે. ભાવનગરના યુવકે આંતરરાસ્ટ્રીય સ્તરે પેરા ટેબલ ટેનિસમાં ભારતનું ત્રીજી વખત પ્રતિનિધિત્વ કર્યું છે. ૧૪ દેશના ખેલાડીઓએ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં ક્લાસ વન કેટેગરીમાં ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કરી રહેલા અલ્પેશ સુતરીયાએ ઈન્ટરનેશનલ પેરા ટેબલ ટેનિસ વર્લ્ડ પેરા ફ્યુચર તાઈપાઈ ૨૦૨૫માં ભાગ લઈને તાઈપાઈ શહેરમાં યોજાયેલ આ ટુર્નામેન્ટમાં સિંગલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને દેશ અને ગુજરાતનું નામ રોશન કર્યું છે.





# અમદાવાદ એરપોર્ટ પરથી ૨ કરોડનું ડ્રગ્સ ઝડપાયું, એકની ધરપકડ કરાઈ

અમદાવાદ,તા.૨૯

રાજ્યમાં અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતા હોય છે ત્યારે ફરી એક વખત અમદાવાદમાંથી ડ્રગ્સનો મોટા પ્રમાણમાં જથ્થો ઝડપાયો છે. અમદાવાદના એરપોર્ટ પરથી ૨ કરોડનું ડ્રગ્સ પકડાયું છે. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ૨ કરોડનો હાઈબ્રીડ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. અમદાવાદ એરપોર્ટ પર ડ્રગ્સ મળવાનો સિલસિલો યથાવત જોવા મળ્યો છે. થાઈલેન્ડથી હાઈબ્રીડ ગાંજો મંગાવ્યો હોવાનો ખુલાસો થયો છે. એરપોર્ટ પર જ હાઈબ્રીડ ગાંજા સાથે એક ડ્રગ પેડલરની ધરપકડ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે એરપોર્ટ પરથી ૨ કરોડનું ડ્રગ્સ ઝડપાયું છે. પરંતુ આ અગાઉ પણ અનેક વખત હાઈબ્રીડ ગાંજા, ડ્રગ્સ સહિતના નશાકારક પદાર્થોની હેરાફેરી ઝડપી પાડવામાં આવી છે. બીજી તરફ અમદાવાદ એરપોર્ટ પરથી ૩૭ કરોડનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો હતો. ડીઆરઆઈએ ૩૭ કિલો જેટલો હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો હતો. બેંગકોકથી આવેલા ૪ ભારતીય પ્રવાસીઓ પાસેથી ગાંજો ઝડપાયો હતો.









# ભારે પવન અને વરસાદને લીધે દ્વારકાધીશ મંદિરે ધ્વજા અન્ય જગ્યાએ ચડાવાઈ

દ્વારકા,તા.૨૯

ગુજરાતમાં ૫ દિવસથી વરસાદ વરસી રહ્યો છે. રાજ્યના વિવિધ જિલ્લામાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. દ્વારકામાં ગત રોજ તોફાની પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. ભારે પવન, વરસાદને લીધે દ્વારકાધીશજી મંદિરના શિખર પર ધ્વજા ચડાવવી સુરક્ષાની દ્રષ્ટિએ જોખમી બનતા વૈકલ્પિક જગ્યાએ બાવનગજની ધ્વજા ચડાવાઈ હતી. ભારે વરસાદને કારણે ગોમતી ઘાટે મોટાં મોજા ઉછળ્યા હતા. યાત્રાધામ દ્વારકામાં વહેલી સવારે ગાજવીજ સાથે મેઘરાજાની ધમાકેદાર બેટિંગ થઈ હતી. બપોર સુધીમાં અઢી ઈંચ જેટલો વરસાદ પડયો હતો. સવારે ભારે પવન સાથે વરસાદ હોવાથી સુરક્ષાની દ્રષ્ટિએ જગત મંદિરના શિખર ઉપર ચડવું જોખમી બન્યું હતું. તેથી ભગવાન દ્વારકાધીશની ૫૨ ગજની ધ્વજાજી વૈકલ્પિક જગ્યાએ ચડાવવામાં આવી હતી.













